Tuesday, 11 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક



જીવન અને સમય વિશ્વના શ્રેષ્ઠ શિક્ષકો છે, જીવન આપણને સમયનો સારો ઉપયોગ કરતા શીખવે છે.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૭ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ ચૌદશ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




# નાની દમણ જેટી પાસે દરિયામાં ન્હાવા પડેલ ૧૭ વર્ષીય આકાશનું ડૂબી જતાં મોતઃ અન્ય એક કિશોરને લાઈફગાર્ડે બચાવ્યો

**ચોમાસાની ઋતુમાં દરિયામાં તરવા, ન્હાવા પર વહીવટીતંત્રે સખત પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, કેટલાક લોકો વહીવટીતંત્રની સૂચનાઓને અવગણીને દરિયામાં તરવા જઈ રહ્યા છે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

સોમવારે નાની દમણ જેટી પાસે ચાર મિત્રો દરિયામાં ન્હાવા ઉતર્યા હતા. જેમાંથી બે કિશોરો પાણીમાં ગરક થવા લાગ્યા હતા. જેમાંથી એક કિશોરનું દરિયાના ઊંડા પાણીમાં ડૂબી જતાં મોત થયું હતું. જ્યારે એક કિશોરને લાઈફગાર્ડે સમયસર બચાવી લીધો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રિંગણવાડામાં રહેતો ૧૭ વર્ષનો આકાશ તેના અન્ય ત્રણ મિત્રો સાથે નાની દમણ જેટી પાસે દરિયામાં ન્હાવા માટે ઉતર્યા હતા. જેમાં રિંગણવાડાનો ૧૭ વર્ષિય કિશોર આકાશ પાણીમાં ઊંડે ગયો અને દરિયામાં ગાયબ થઈ ગયો. જ્યારે એક કિશોરને લાઈફ ગાર્ડે સમયસર સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી.

- (વધુ પાના નં.૨ પર)

# દમણ ઉદ્યોગ ભવનની બહાર 'નો-પાર્કિંગ ઝોન'માં પાર્ક કરાયેલા ભારે વાહનો સામે પોલીસે કાર્યવાહી કરી ફટકારેલો દંડ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

દમણ પોલીસે આજે ઉદ્યોગ ભવનની બહાર 'નો-પાર્કિંગ ઝોન'માં પાર્ક કરાયેલા ભારે વાહનો સામે કાર્યવાહી કરતા અનેક વાહનોને દંડ ફટકાર્યો હતો. આ કાર્યવાહીથી વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.

મળતી માહિતી પ્રમાણે ઉદ્યોગ ભવનની આસપાસ વારંવાર રસ્તાની બાજુમાં ભારે વાહનો પાર્ક કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફિક પ્રવાહમાં ખલેલ પહોંચે છે અને અન્ય વાહનચાલકોને અસુવિધાનો સામનો કરવા પડે છે.

પોલીસે વારંવાર વાહનચાલકોને 'નો-પાર્કિંગ ઝોન'માં વાહનો પાર્ક નહિ કરવાની ચેતવણી આપી છે, પરંતુ તેમ છતાં, કેટલાક વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે 'નો-પાર્કિંગ ઝોન'માં પાર્ક કરનારાઓ સામે કાર્યવાહી ચાલુ રહેશે.

દમણ પોલીસનું કહેવું છે કે રસ્તા પર બિનજરૂરી રીતે પાર્ક કરાયેલા ભારે વાહનો માત્ર ટ્રાફિકને જ નથી અવરોધતા, પરંતુ અકસ્માતોનું જોખમ પણ ઉભું કરે છે. તેમણે વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને ટ્રાફિકના સરળ પ્રવાહને સુનિશ્ચિત કરવા માટે ફક્ત નિયુક્ત પાર્કિંગની જગ્યામાં જ વાહનો પાર્ક કરવા અપીલ કરી છે.

## 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત

# દમણમાં ભાજપ દ્વારા ભવ્ય તિરંગા પદયાત્રા યોજાઈ

**પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં કાઢવામાં આવેલી તિરંગા પદયાત્રામાં પ્રદેશ ભાજપના પદાધિકારીઓ અને નાગરિકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધેલો ભાગ**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

'હર ઘર તિરંગા' અભિયાનના ભાગ રૂપે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા આજે દમણમાં ભવ્ય 'ત્રિરંગા પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાના નેતૃત્વ હેઠળ આયોજિત 'ત્રિરંગા પદયાત્રા'માં ભાજપના પદાધિકારીઓ, કાર્યકરો અને નાગરિકો સહિત વિદ્યાર્થીઓ અને યુવાઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, અને દેશભક્તિનો સંદેશ ફેલાવ્યો હતો.

છપલી શેરીથી શરૂ થયેલી આ ભવ્ય 'ત્રિરંગા પદયાત્રા'

- (વધુ પાના નં.૨ પર)

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'કરો યોગ, રહો નિરોગ'ના સંદેશ સાથે

# દમણની આંટિયાવાડ ગ્રા.પં.ના પૂર્વ સરપંચ ઉર્વશીબેન પટેલે ૨૫ મહિલાઓ માટે યોગ તાલીમનો કર્યો પ્રારંભ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

દમણની આંટિયાવાડ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને હાલના પ્રદેશ ભાજપ મંત્રી તથા સમાજસેવિકા શ્રીમતી ઉર્વશીબેન જયેશભાઈ પટેલે ૨૫ જેટલી

- (વધુ પાના નં.૨ પર)










## સુવિચાર - સદ્વિચાર

મનુષ્યને એની સફળતા એના વિચારો નક્કી કરે છે,
જે સકારાત્મક વિચારે છે તે જીતે છે, નકારાત્મક વિચારો તો હારાવે છે.

## કવિતા

### નથી જાણ કે હાથ કોનો અડ્યો છે

નથી જાણ કે હાથ કોનો અડ્યો છે,
સમયના શરીરે ઘસરકો પડ્યો છે.

મળ્યો વારસામાં ફક્ત કેસનંબર,
ઘણા વર્ષથી ન્યાય ધક્કે ચડ્યો છે.

એ કીટલી, એ મિત્રો ને ચા સાથે બેઠક,
મને મોક્ષનો મસ્ત રસ્તો જડ્યો છે.

ખુશામત કરીને જે સીડી ચડેલો
આ નવ્વાણુંએ સાપ એને નડ્યો છે.

દિવસભર કર્યો ડોળ ભૂલી ગયાનો,
પછી રાતભર એકધારો રડ્યો છે.

નગરના નગર થઈ ગયા રાજદ્રોહી,
શહેનશાહે જબરો મુસદ્દો ઘડ્યો છે.

- કુણાલ શાહ

## આજની જોક

'બોલો, પ્રોફેસર ભોલારામ. આજકાલ શું ચાલી રહ્યું છે?
'એક સંશોધનમાં ગૂંથાયો હતો. હમણાં જ એ કામ પૂરું થયું.'
'શેનું સંશોધન કરતા હતા?'
'એરોપ્લેનમાં આગ લાગે ત્યારે મુસાફરોને કેવી રીતે બચાવી લેવા?'
'તો તમે કયા તારણ પર આવ્યા ?'
'એ જ કે વિમાનમાં આગ લાગે તેમાં કોઈએ બેસવું નહિ. અને જો તેમાં પ્રવાસીઓ બેઠા હોય તો આગ લાગે ત્યારે વિમાનને રોકીને પ્રવાસીઓને ઉતારી દેવા.'

## કબીર વાણી




**સુમરન સિદ્ધિ યું કરો, જ્યું ઘાઘર પનિહાર;**
**હાલે ચાલે સુરતમે, કહે કબીર બિચાર.**

**-અર્થાત-**

માથે પાણીનો ઘડો મુકીને, છુટે હાલ ચાલતી અને વાતો કરતી જવા છતાં, પનિહાર (સ્ત્રી)નું ધ્યાન તો ઘડામાંજ લાગેલું હોય છે, તેમ સ્મરણ કરતી વેળાએ મન ઈશ્વર તરફજ લાગેલું રહે, એવું સ્મરણ કરતાં શિખ.

## ચાણક્ય ઉવાચ



**સત્યેન ધાર્યતે પૃથ્વી સત્યેન તપતે રવિઃ ।**
**સત્યેન વાતિ પવનઃ સર્વં સત્યે પ્રતિષ્ઠિતમ્ ॥**

**-અર્થાત-**

સત્યના આધારે આ પૃથ્વી ટકી રહી છે. સત્યના પ્રતાપે સૂર્ય તપે છે. સત્યથી જ પવન વાય છે. આ સમગ્ર બ્રહ્માંડ સત્ય પર જ આધારિત છે.

## આજનો દિન વિશેષ

### ટી. એચ. વિનાયકરામ

થેટાકુડી હરિહર વિનાયકરામ (જન્મ ૧૧ ઓગસ્ટ ૧૯૪૨), જેને વિક્કુ વિનાયકરામ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક ભારતીય પર્કશનિસ્ટ છે. તેમને ઘટમના દેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ઘટમ, માટીના ઘડા સાથે કર્ણાટક સંગીત વગાડે છે અને ઘટમને લોકપ્રિય બનાવવાનો શ્રેય તેમને આપવામાં આવે છે.

તેમને ૨૦૦૨માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી, અને બાદમાં ૨૦૧૨માં સંગીત નાટક અકાદમી ફેલોશિપ, જે ભારતની રાષ્ટ્રીય સંગીત, નૃત્ય અને નાટક એકેડેમી દ્વારા આપવામાં આવતી કલા ક્ષેત્રે સર્વોચ્ચ સન્માન છે, એનાયત કરવામાં આવ્યું હતું. ૨૦૧૪માં તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૯૧માં મિકી હાર્ટના આલ્બમ પ્લેનેટ ડ્રમ પરના તેમના કાર્ય માટે તેમને ગ્રેમી એવોર્ડ મળ્યો હતો.

**પુરસ્કારો :** વિનાયકરામને મિકી હાર્ટના આલ્બમ પ્લેનેટ ડ્રમમાં તેમના કામ માટે ૧૯૯૧ માં શ્રેષ્ઠ વિશ્વ સંગીત આલ્બમ માટે ગ્રેમી એવોર્ડ મળ્યો. બાદમાં તેમને "રાગ અબેરી" માં એલ. શંકર સાથે દસ તાર ડબલ વાયોલિન અને ઝાકીર હુસૈન સાથે તબલા પર ભાગ લેવા બદલ ૧૯૯૬ માં શ્રેષ્ઠ વિશ્વ સંગીત આલ્બમ માટે ગ્રેમી એવોર્ડ માટે પણ નામાંકિત કરવામાં આવ્યા હતા (આ ટુકડો 4¾ બીટ્સના તાલ ચક્રમાં સેટ છે). ભારત સરકારે ૨૦૦૨ માં તેમને પદ્મ શ્રી એવોર્ડથી નવાજ્યા. અંતે, તેમને ૨૦૧૨ માં સંગીત નાટક અકાદમી ફેલોશિપ (અકાદમી રત્ન) એનાયત કરવામાં આવ્યો, જે ભારતમાં પ્રદર્શન કલાનો સર્વોચ્ચ પુરસ્કાર છે, જે સંગીત નાટક અકાદમી, ભારતની રાષ્ટ્રીય સંગીત, નૃત્ય અને નાટક એકેડેમી દ્વારા આપવામાં આવે છે. ૨૦૧૪ માં તેમને ભારત સરકાર દ્વારા પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો. ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ, વિનાયકરામને ડૉ.એમ.એસ. સુબ્બુલક્ષ્મી શતાબ્દી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## ઔષધિ : કઢી પત્તા (મૌરૈયા કોએંગી)

કડી પત્તાના સ્વાસ્થ્ય લાભો પાચનમાં સુધારો કરે છે, છાશ સાથે ભેળવવામાં આવે ત્યારે પાચક રસને ઉત્તેજિત કરે છે અને પેટ ખરાબ થવા અથવા ઝાડામાં મદદ કરે છે. ડાયાબિટીસને નિયંત્રિત કરે છે, ઉચ્ચ ફાઈબર સામગ્રી અને ખાસ એન્ટીઑક્સિડન્ટો સુગરના સ્તરને ઘટાડવામાં અને ઈન્સ્યુલિનના ઉપયોગને સુધારવામાં મદદ કરે છે. વાળને મજબૂત બનાવે છે, વાળ ખરતા અટકાવવા અને જાડા વાળના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કુદરતી ટોનિક તરીકે કાર્ય કરે છે. હૃદયનું રક્ષણ કરે છે, ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) ઘટાડે છે અને સારા કોલેસ્ટ્રોલ (HDL)ને વધારે છે. દૃષ્ટિ સુધારે છે, વિટામિન એથી ભરપૂર, જે આંખોને સ્વસ્થ અને મજબૂત રાખે છે. કડી પત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો સવારે ડિટોક્સ ખાલી પેટે ૪ થી ૫ તાજા પાંદડા ગરમ પાણી સાથે ચાવો. છાશનું મિશ્રણ પાચન માટે તાજા પાંદડાને એક ગ્લાસ છાશ અને એક ચપટી જીરું સાથે ભેળવો. રસોઈમાં દાળ અને શાકભાજીની વાનગીઓ જેવી દૈનિક ખાદ્ય ચીજોમાં નિયમિત રીતે તડકા તરીકે ઉમેરો અને સ્વસ્થ રહો.

# દાનહની લાયન્સ ઈંગ્લીશ સ્કૂલની રોબોટિક્સમાં મોટી છલાંગ

**૨૫ હજાર ટીમોને પાછળ છોડી રાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં બનાવી જગ્યા : લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ ફતેહસિંહ ચૌહાણે ટીમ આર્યાવર્ત મેટ્રીક્સની આ ઉપલબ્ધી પર ખુશી વ્યક્ત કરી માસ્ટર પવનસિંહ,માસ્ટર વેદ સધનસીવે અને ટીમના માર્ગદર્શક કરણસિંહને શુભકામના આપી**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

દાનહની લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લીશ સ્કૂલના વિદ્યાર્થીઓએ રોબોટિક્સ અને સ્ટેમના ક્ષેત્રમાં શાળાનું નામ રાષ્ટ્રીય સ્તર પર વધાર્યુ છે. શાળાની રોબોટિક્સ ટીમ આર્યવર્ત મેટ્રિક્સને પ્રતિષ્ઠિત વર્લ્ડ રોબોટ ઓલમ્પિયાડ ઈન્ડિયામાં શાનદાર પ્રદર્શન કરી નેશનલ ચેમ્પિયનશીપના માટે પોતાની જગ્યા સુનિશ્ચિત કરી છે.

રોબોટ મીટ કલ્ચરની થીમ પર આયોજીત ડબ્લ્યુઆરઓ ઈન્ડિયામાં દેશભરમાંથી યુવા પ્રતિભાઓએ પોતાની વૈજ્ઞાનિક વિચાર, ટેક્નીક કૌશલ, રચનાત્મકતા અને નવચારનું પ્રદર્શન કર્યું હતું. હરીફાઈમાં વર્ચ્યુઅલ રાઉન્ડમાં ટીમ આર્યાવર્ત મેટ્રિક્સના ૨૫હજાર ટીમો વચ્ચે શાનદાર ૧૫મું સ્થાન પ્રાપ્ત કરી રિજનલ લેવલ હરીફાઈ માટે ક્વોલિફાઈ કર્યુ હતું. વર્ચ્યુઅલ રાઉન્ડ બાદ મુંબઈની નહેરુ સાઈન્સ સેન્ટરમાં ડબ્લ્યુઆરઓ રિજનલ લેવલ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ જેમા દેશની ૪૦ શ્રેષ્ઠ ટીમોએ ભાગ લીધો હતો.

લાયન્સ ઈંગ્લીશ સ્કૂલની ટીમે પોતાના અભિનવ પ્રોજેક્ટ આર્યાવર્તનું પ્રભાવશાળી પ્રદર્શન કરતા ટેકનીક પ્રતિભા, રચનાત્મકતા, સમસ્યા-સમાધાન ક્ષમતા અને ઉત્કૃષ્ટ ટીમવર્કનો પરિચય આપ્યો હતો.

માસ્ટર પવન સિંહ અને માસ્ટર વેદ સઘનસિવે ટેક્નીકલી દક્ષતા, તાર્કિક વિચાર, રચનાત્મક્તા અને દ્રઢ સંકલ્પનું પ્રદર્શન કરી ૭મું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. એની સાથે ટીમ આર્યવર્ત મેટ્રીકસે નેશનલ ચેમ્પિયનશીપ માટે ક્વોલિફાઈ કરી લીધુ છે. રાષ્ટ્રીય ચેમ્પિયનશીપનું આયોજન જીએમઆર અરેના હૈદરાબાદમાં કરવામા આવશે. જેમાં દેશભરના શ્રેષ્ટ ટીમ પોતાની ટેક્નીક કૌશલ અને રોબોટિક્સ પ્રતિભાનું પ્રદર્શન કરશે. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ એમની મહેનત, જીજ્ઞાશા, રચનાત્મક વિચાર, ધૈર્ય, અનુસાશન અને ઉત્સાહની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. સાથે ટીમના માર્ગદર્શક કરણસિંહની પ્રેરણા અને સહયોગથી વિદ્યાર્થીઓની પ્રતિભાને નવી દિશા આપી છે.

લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી ફતેહસિંહ ચૌહાણે ટીમ આર્યાવર્ત મેટ્રીક્સની આ ઉપલબ્ધી પર ખુશી વ્યક્ત કરી માસ્ટર પવનસિંહ,માસ્ટર વેદ સધનસીવે અને ટીમના માર્ગદર્શક કરણસિંહને શુભકામના આપી હતી. એમણે રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના માટે ટીમને શુભકામના આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે હોનહાર યુવા પ્રતિભાઓ રાષ્ટ્રીય મંચ પર પણ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શનથી લાયન્સ ઈંગ્લીશ સ્કૂલ અને પ્રદેશનું નામ રોશન કરશે.

ટીમ આર્યાવર્ત મેટ્રીક્સની આ ઉપલબ્ધી આ વિશ્વાસને વધુ મજબૂત કરે છે કે યોગ્ય માર્ગદર્શન, અવસર, પરિશ્રમ અને દ્રઢ સંકલ્પ સાથે નાના શહેરોના વિદ્યાર્થીઓ પણ મોટા સપના જોઈ શકે છે. અને રાષ્ટ્રીય મંચ પર પોતાની વિશિષ્ઠ ઓળખ બનાવી શકે છે.

**નાસીરનગર ભૂતિયા ડિમોલિશનમાં હાઈકોર્ટનું વલણ**

# ઉચ્ચ અધિકારીઓએ ભારે કિંમત ચૂકવવી પડશે : કોર્ટ

**સુરતના નાસીરનગર ભૂતિયા ડિમોલિશન કેસમાં હાઈકોર્ટે ફરી સરકાર, કોર્પોરેશન અને પોલીસનો ઉધડો લીધો છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૦**

સુરતના નાસીરનગર ભૂતિયા ડિમોલિશન કેસમાં હાઈકોર્ટે ફરી એકવાર સરકાર, કોર્પોરેશન અને પોલીસનો કડક ઉધડો લીધો છે. કોર્ટે સરકારને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી હતી કે જો કોઈ ઉચ્ચ સરકારી અધિકારી આ બાબતમાં સ્વેચ્છાએ યોગ્ય અને સાચો જવાબ નહીં આપે તો તેણે તેની ભારે કિંમત ચૂકવવી પડશે. અધિકારીઓએ પોતાની નોકરી પણ ગુમાવવી પડી શકે છે અને આ ખર્ચ પોતાના અંગત ખિસ્સામાંથી ચૂકવવો પડશે. કોર્ટે ઉમેર્યું હતું કે જો અધિકારીઓએ આવું સાહસ કરવું જ હતું, તો હવે તેની કિંમત પણ તેમણે જ ચૂકવવી પડશે, સરકાર આ માટે જનતાના રૂપિયા નહીં બગાડે. મહત્વનું છે કે સુરતના નાસીરનગરમાં થયેલા વિવાદિત અને ભૂતિયા ડિમોલિશનના વિરોધમાં ૨૬ પીડિતોએ ન્યાય મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. અરજદારોએ આ કાયદાકીય લડાઈમાં રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા (SMC), સુરત પોલીસ કમિશનર, એસ.ઓ.જી.ના ડી.સી.પી. રાજદીપસિંહ નકુમ તેમજ ટોરેન્ટ પાવર કંપની સહિતના પક્ષકારો સામે પિટીશન દાખલ કરી છે. સુરતના નાસીરનગર ભૂતિયા ડિમોલિશન કેસમાં હાઈકોર્ટે ફરી સરકાર, કોર્પોરેશન અને પોલીસનો ઉધડો લીધો છે. કોર્ટે તાકીદ કરી કે જો કોઈ ઉચ્ચ અધિકારી યોગ્ય જવાબ નહીં આપે તો તેણે નોકરી ગુમાવવી પડશે અને ખર્ચ અંગત ખિસ્સામાંથી ચૂકવવો પડશે. સરકારે સ્પષ્ટ કર્યું કે જનતાના પૈસા નહીં બગાડાય, અધિકારીઓએ કરેલા સાહસની કિંમત તેમણે જ ચૂકવવી પડશે.

# જૂની પેન્શન યોજનાની આશા રાખતા કર્મચારીઓને સરકારે આપ્યો ઝટકો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૦**

ઓલ્ડ પેન્શન સ્કીમ (OPS)ની બહાલીની રાહ જોઈ રહેલા સરકારી કર્મચારીઓને કેન્દ્ર સરકાર તરફથી મોટો ઝટકો લાગ્યો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં સ્પષ્ટ કર્યું છે કે, OPSને ફરીથી લાગુ કરવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ સરકારના વિચારાધીન નથી. સરકારે સ્પષ્ટ કર્યું છે કે, જૂની પેન્શન યોજનાનો નાણાકીય બોજ લાંબા સમય સુધી સંભાળવો મુશ્કેલ છે. OPSને ફરી લાગુ કરવાથી સરકારી તિજોરી પર સતત વધતો નાણાકીય બોજ પડી શકે છે, જેના કારણે કેન્દ્ર સ્તરે તેને પુનઃસ્થાપિત કરવાની કોઈ યોજના નથી.

સરકારે એ પણ સ્પષ્ટ કર્યું કે, રાજ્યોમાં OPS લાગુ કરવાનો નિર્ણય સંબંધિત રાજ્ય સરકારોની નીતિ હેઠળ આવે છે. રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ, પંજાબ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોએ કેન્દ્ર અને પેન્શન ફંડ રેગ્યુલેટર PFRDAને NPS માંથી OPS માં પાછા જવા અંગે જાણ કરી છે. સરકારે જણાવ્યું કે, વર્તમાન નિયમો હેઠળ NPSમાં જમા થયેલ કર્મચારી અને સરકારના યોગદાન તેમજ તેના પર થયેલી કમાણીને બહાર કાઢીને રાજ્ય સરકારને પરત જમા કરાવવાની કોઈ જોગવાઈ નથી. એટલે કે NPSમાંથી OPSમાં પાછા ફરવાની પ્રક્રિયા માત્ર રાજકીય નિર્ણય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં નાણાકીય અને કાનૂની પડકારો પણ સામેલ છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે યુનિફાઈડ પેન્શન સ્કીમ (UPS) ૧ એપ્રિલ ૨૦૨૫થી NPSના વિકલ્પ તરીકે લાગુ કરવામાં આવી છે. તેનો હેતુ કર્મચારીઓને નિવૃત્તિ પછી વધુ સુનિશ્ચિત પેન્શન લાભ આપવાનો છે. UPS હેઠળ પાત્ર કર્મચારીઓને નિવૃત્તિ પછી ઓછામાં ઓછા રૂ.૧૦,૦૦૦ પ્રતિ માસના સુનિશ્ચિત ચૂકવણાની જોગવાઈ છે.

સરકારના જણાવ્યા અનુસાર, ૭ જુલાઈ સુધી કેન્દ્રીય કર્મચારીઓના NPS હેઠળ રૂ.૩.૬૫ લાખ કરોડની સંપત્તિ એસેટ મેનેજમેન્ટ હેઠળ હતી. સરકારે ઉમેર્યું કે, પેન્શન વ્યવસ્થામાં ફેરફાર કરતી વખતે નાણાકીય સ્થિરતા ધ્યાનમાં રાખવી જરૂરી છે. CAG એ પણ કેટલાક રાજ્યો દ્વારા OPSમાં વાપસીના નાણાકીય પ્રભાવને પોતાના અહેવાલમાં રેખાંકિત કર્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દમણની આંટિયાવાડ...**

મહિલાઓ માટે નિયમિત યોગ તાલીમ શિબિરનો પ્રારંભ કરાવ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'કરો યોગ, રહો નિરોગ'ના સંદેશને દમણ જિલ્લાના જન જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે મહિલાઓને યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની નિયમિત તાલીમ આપવામાં આવી રહી છે.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સ્વસ્થ અને સશક્ત પ્રદેશના સંકલ્પને આગળ ધપાવતા મહિલાઓને યોગ સાથે જોડીને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો આ પ્રયાસ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

શ્રીમતી ઉર્વશીબેન પટેલે જણાવ્યું હતું કે, 'સ્વસ્થ મહિલા એટલે સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ પરિવાર એટલે સશક્ત સમાજ.' તેથી મહિલાઓ યોગ સાથે જોડાય અને યોગને પોતાના દૈનિક જીવનનો હિસ્સો બનાવે તે માટે આ યોગ અભિયાનને વધુ ને વધુ આગળ વધારવામાં આવશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**નાની દમણ જેટી પાસે...**

પોલીસ અને ફાયર ફાઈટરો દ્વારા રેસ્ક્યુ બોટની મદદથી લાપતા કિશોર આકાશ કુમારને શોધવા માટે દરિયામાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બાદમાં, જ્યારે દરિયામાં ઓટ આવતા પાણી ઓસરી ગયું, ત્યારે આકાશનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાના સમાચાર મળતાં જ ઘટનાસ્થળે લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. મળતી માહિતી પ્રમાણે મૃતક આકાશ મૂળ બિહારના ગયાનો રહેવાસી હતો અને હાલમાં રિંગણવાડામાં રહેતો હતો. માત્ર ૧૭ વર્ષની ઉંમરે થયેલા આ દુઃખદ અકસ્માતથી તેના પરિવાર અને પરિચિતોમાં શોકની કાલીમા ફેલાઈ છે.

અત્રે યાદ રહે કે, ચોમાસાની ઋતુમાં દરિયામાં તરવા, ન્હાવા પર વહીવટીતંત્રે સખત પ્રતિબંધ મૂક્યો છે. તેમ છતાં, કેટલાક લોકો વહીવટીતંત્રની સૂચનાઓને અવગણીને દરિયામાં તરવા જઈ રહ્યા છે. નાની દમણ જેટી પર થયેલી આ દુઃખદ ઘટના ફરી એકવાર લોકોને ચેતવણી આપે છે કે ચોમાસાની ઋતુમાં તરવું અને દરિયામાં જવું જીવલેણ સાબિત થઈ શકે છે. વહીવટીતંત્રે જાહેર જનતાને સલામતીના નિયમોનું પાલન કરવા અને પ્રતિબંધિત વિસ્તારોમાં દરિયામાં પ્રવેશવાનું ટાળવાની અપીલ કરી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દમણમાં ભાજપ દ્વારા...**

નાની દમણ બસ સ્ટેન્ડ પર દેશભક્તિના સૂત્રોચ્ચાર અને હાથમાં ત્રિરંગો લહેરાવતા પહોંચી. માર્ગ પરનું વાતાવરણ દેશભક્તિથી ભરેલું હતું, જેમાં 'ભારત માતા કી જય', 'વંદે માતરમ', અને 'જય હિંદ'ના નારા ગુંજી રહ્યા હતા.

આ પ્રસંગે, ઉપસ્થિત લોકોએ ત્રિરંગા પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો અને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને મજબૂત બનાવવા અને હંમેશા રાષ્ટ્રીય હિત માટે સમર્પિત રહેવાનો સંકલ્પ કર્યો હતો.

યાત્રાના સમાપન પ્રસંગે પોતાના સંબોધનમાં ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, ત્રિરંગો રાષ્ટ્રના ગૌરવ, આત્મસન્માન અને એકતાનું પ્રતીક છે. ત્રિરંગાના ત્રણ રંગો ભારતની વિવિધતામાં એકતા અને દેશની મહાન વારસાનો સંદેશ આપે છે. તેમણે જણાવ્યું હતું કે, 'હર ઘર તિરંગા' અભિયાન ફક્ત દરેક ઘરમાં ત્રિરંગો લહેરાવવાનું અભિયાન નથી, પરંતુ દરેક નાગરિકમાં દેશભક્તિ અને દેશ પ્રત્યે જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવવાનું અભિયાન છે.

તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને યુવાનોને ખાસ અભિનંદન આપતા તેમણે જણાવ્યું હતું કે, દેશનું ભવિષ્ય યુવા શક્તિના હાથમાં છે અને યુવાનોમાં દેશભક્તિની ભાવના ભારતને વિકસિત અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ કાર્યક્રમમાં દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય શ્રી વિશાલભાઈ ટંડેલ, દમણ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી દીપિકાબેન ટંડેલ, દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના અધ્યક્ષા શ્રીમતી નિશાબેન ભવર, સેલવાસ નગરપાલિકાના અધ્યક્ષ શ્રી સોમનાથ દેવરે, સહિત પ્રદેશ, જિલ્લા અને વિવિધ મોરચાના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**આ ઘટનામાં ૩ વિદ્યાર્થીનીઓનાં કરુણ મોત નિપજ્યા**

# હોસ્ટેલમાં કાળ બનીને આવ્યો સાપ! છ વિદ્યાર્થીઓને ડંખ માર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૧૦**

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં એક દુઃખદ ઘટના ઘટી છે. અહીં એક આશ્રમશાળાની હોસ્ટેલમાં ઝેરી સાપે ૬ વિદ્યાર્થીનીઓને ડંખ માર્યો હતો. તમામ વિદ્યાર્થીનીઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જે પૈકી ૩ વિદ્યાર્થીનીઓનાં મોત નિપજ્યાં છે, જ્યારે બાકીની વિદ્યાર્થીનીઓની સારવાર ચાલી રહી છે. આ કરૂણ ઘટનાને પગલે વિદ્યાર્થીનીઓના પરિવારજનોમાં ભારે અરેરાટી સાથે શોકની લહેર ફેલાઈ ગઈ છે. સાપના હુમલાનો ભોગ બનેલી તમામ વિદ્યાર્થીનીઓ ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતી હતી.

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં સાપના કહેરની આ કાળજું કંપાવી દેનારી ઘટનાથી લોકોમાં ભય ફેલાયો છે. અહીં એક ખાનગી અનુદાનિત નિવાસી આશ્રમશાળાના હોસ્ટેલમાં મોડી રાત્રે તે સમયે અફરાતફરી મચી ગઈ હતી, જ્યારે સૂતેલી ૬ વિદ્યાર્થીનીઓને એક પછી એક ઝેરી સાપે ડંખ માર્યો હતો. આ તમામ વિદ્યાર્થીનીઓ એક જ રૂમમાં સૂતી હતી, જ્યાં ઘૂસી આવેલા ઝેરી સાપે વારાફરતી તમામ પર હુમલો કર્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ઘટના ધનોરા તાલુકાના જપતલાઈ ગામમાં કુમ્પરલિંગો કલ્ચરલ એજ્યુકેશનલ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત નિવાસી આશ્રમશાળાના હોસ્ટેલમાં મોડી રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે ઘટી હતી. આ સમયે તમામ વિદ્યાર્થીનીઓ ઘેરી નિંદ્રામાં હતી. સાપે ડંખ માર્યા બાદ તરત જ તમામ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન ૩ વિદ્યાર્થીનીઓએ દમ તોડ્યો હતો. જ્યારે અન્ય ૩ વિદ્યાર્થીનીઓની સ્થિતિ ગંભીર છે અને તેમની સારવાર ચાલુ છે. ઝેરી સાપના ડંખથી વિદ્યાર્થીનીઓના થયેલા કરૂણ મોત બાદ આશ્રમશાળામાં અભ્યાસ કરતી અન્ય વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોમાં ભયનો માહોલ છે. બીજી તરફ રાત્રિના સમયે શાળા પરિસર અને હોસ્ટેલમાં રહેતી છાત્રાઓની સુરક્ષા સામે પરિવારજનો દ્વારા ગંભીર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, સાપના ડંખના કારણે જીવ ગુમાવનાર વિદ્યાર્થીનીઓ ધોરણ ૬થી ૮માં અભ્યાસ કરતી હતી. જેમાં દીપિકા લકડા ધોરણ ૬ અને સુષ્મિતા મંડળ ધોરણ ૮માં ભણતી હતી, જ્યારે ત્રીજી મૃતક વિદ્યાર્થીની અનુ કોરેટી પણ જૂનિયર વર્ગની જ વિદ્યાર્થીની હતી.

બીજી તરફ સાપના ડંખથી હાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી અને જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળની વિદ્યાર્થીનીઓમાં દીપિકા મદાવી (ધોરણ ૫), કવિતા કિરંગા (ધોરણ ૬) અને સમૃદ્ધિ નૈતામ (ધોરણ ૮) સામેલ છે. તેમાં સમૃદ્ધિના શરીરમાં ઝેરની અસર વધુ ઘેરી થઈ હોવાથી તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિદ્યાર્થીનીઓને સાપ કરડવાની ઘટના સામે આવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ગઢચિરોલી જિલ્લાના પ્રભારી મંત્રી દેવેન્દ્ર ફડણવીસે દુઃખ વ્યક્ત કર્યું છે. આ સાથે જ તેમણે આશ્રમશાળામાં બનેલી આ દુઃખદ ઘટના અંગે અધિકારીઓ પાસેથી સમગ્ર રિપોર્ટ માગ્યો છે. હાલ પોલીસ હોસ્ટેલ ખાતે પહોંચી ગઈ છે અને વિદ્યાર્થીનીઓની સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સાથે ઘટનાની સઘન તપાસ ચલાવી રહી છે.

આ ઘટનાને રાજયના આદિવાસી વિકાસ મંત્રી અશોક ઉઈકે પણ ગંભીરતાથી લઈ અધિકારીઓને સ્થળ પર પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવવા સૂચના આપી છે. હાલ એ દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે શું વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ પહોંચાડવામાં કોઈ વિલંબ થયો હતો? આ આશ્રમશાળામાં મોટી સંખ્યામાં આદિવાસી વિદ્યાર્થીનીઓ રહીને અભ્યાસ કરે છે. આવી સ્થિતિમાં શાળા પરિસર અને હોસ્ટેલની સુરક્ષા વ્યવસ્થા તેમજ ઈમરજન્સીની સ્થિતિમાં તાત્કાલિક તબીબી સારવાર પૂરી પાડવાની સુવિધા અંગે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
સુરેશ ઉમતીયાઃ- 98259 89444

# વલસાડના અબ્રામા ખાતે MY Bharat Valsad દ્વારા ‘‘નશામુક્ત યુવા - વિકસિત ભારત’’ અભિયાન અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજાઈ











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

માય ભારત વલસાડ દ્વારા ‘‘નશા મુક્ત યુવા - વિકસિત ભારત’’ અભિયાન અંતર્ગત યુવાનો અને વિદ્યાર્થીઓમાં નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી, સકારાત્મક વિચારસરણી તેમજ રાષ્ટ્ર નિર્માણ અંગે જાગૃતિ લાવવાના હેતુથી વલસાડના અબ્રામા સ્થિત BAPS વિદ્યા મંદિરમાં વિવિધ સ્પર્ધાઓ તથા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના માધ્યમથી યુવાનોમાં ‘‘નશા ને ના, જીવનને હા’’નો સંદેશ આપવામાં આવ્યો હતો તથા તેમને સમાજમાં સકારાત્મક પરિવર્તનના દૂત બનવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં પ્રોબેશનરી આઈએએસ શ્રી પિયુષ ઘટાલા, હેમાલી જોશી (જિલ્લા યુવા વિકાસ અધિકારી), શ્રી માનસિંહ ઠાકોર (ડાયરેક્ટર, BAPS વિદ્યા મંદિર) તેમજ ડૉ. દીપેશ શાહ (ડાયરેક્ટર, એન.કે. દેસાઈ કોલેજ) સહિત શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું કે, સ્વસ્થ, સંસ્કારવાન અને જાગૃત યુવાનો જ વિકસિત ભારતની સૌથી મોટી શક્તિ છે. યુવાનોની ઊર્જાને સકારાત્મક દિશામાં વાળીને જ નશામુક્ત અને સશક્ત સમાજનું નિર્માણ કરી શકાય છે. મહાનુભાવોએ વિદ્યાર્થીઓ અને યુવાનોને નશાથી દૂર રહેવા તેમજ પોતાની ઊર્જાનો ઉપયોગ શિક્ષણ, કલા, રમતગમત, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને રાષ્ટ્ર નિર્માણ માટે કરવા પ્રેરિત કર્યા હતા.

વક્તૃત્વ સ્પર્ધા દ્વારા સ્પર્ધકોએ નશાના દુષ્પ્રભાવ તથા નશામુક્ત સમાજની આવશ્યકતા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. લોકગીત સ્પર્ધામાં લોકસંસ્કૃતિ અને સંગીતના માધ્યમથી સામાજિક જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. નુક્કડ નાટક દ્વારા નશાના કારણે થતા સામાજિક અને પારિવારિક દુષ્પ્રભાવો અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા હતા, જ્યારે નૃત્ય સ્પર્ધામાં યુવાનોએ પોતાની કલા અને ઊર્જા દ્વારા નશામુક્તિ તથા સકારાત્મક જીવનશૈલીનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓ અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા દ્વારા નશામુક્તિનો સંદેશ અસરકારક રીતે રજૂ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને યુવાનોએ નશામુક્ત જીવન જીવવા તથા પોતાના પરિવાર, મિત્રો અને સમાજને પણ નશાથી દૂર રાખવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારી શ્રી આયુષ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજનમાં સેવિકા સુશ્રી હેતલ શર્મા, સેવક શ્રી નિમેષ ગદ્દામ તેમજ માય ભારત સ્વયંસેવક મંડળીની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ BAPS વિદ્યા મંદિર, અબ્રામાના શાળા સંચાલન, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તથા તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના બીએડ વિભાગ દ્વારા વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**





૯ ઓગસ્ટ ‘વિશ્વ આદિવાસી દિવસ’ નિમિત્તે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું લોકનૃત્ય કરતા આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના એફ.વાય.બી.એડના તાલીમાર્થીઓ. આ દિનની ઉજવણી નિમિત્તે સંસ્થાના એફ.વાય.બી.એડ.ના તાલીમાર્થીઓ આદિવાસી સંસ્કૃતિને સમજે અને આદિવાસી સમાજનું પ્રચલિત આદિવાસી નૃત્ય કરી શકે એ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડો.જયંતિલાલ બી. બારીસ, ડો.વિમુખ પટેલ, પ્રા.પિયુષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ તાલીમાર્થીઓ અને અધ્યાપકો પણ ઉત્સાહસભર જોડાઈ આદિવાસી લોકગીત, લોક વાયકા જેવી કૃતિઓ તેમજ લોકનૃત્ય કરી આનંદ વ્યક્ત કર્યો હતો અને સાથે એસ.સી., એસ.ટી. સેલની રચના પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્કોલરશીપનું ફ્રોમ કઈ રીતે ભરવાનું તેના વિશે પણ તાલીમાર્થીઓને સુંદર માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈષ્ણવી ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આચાર્ય ડો.પ્રીતિબેન ચૌહાણે સર્વ તાલીમાર્થીઓને આદિવાસી દિવસની શુભકામનાઓ સાથે આશીર્વચન આપ્યા હતા. આ સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મીલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ આચાર્ય ડો.પ્રીતિ ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.

# વિશ્વ આદિવાસી દિવસની પારડીમાં ગણ્યા ગાંઠ્યા આદિવાસીઓ ઉપસ્થિત રહી ઉજવણી કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૦**



સમગ્ર વિશ્વમાં ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાં વસતા લાખો આદિવાસી પોતાના આ તહેવારને પરંપરાગત અલગ અલગ રીતે આ દિવસની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરે છૈ. સમગ્ર ભારતમાં આદિવાસીઓના ભગવાન ગણાતા બિરસા મુંડાની આ આદિવાસી દિવસ નિમિત્તે ખાસ પૂજા અર્ચના કરી વિવિધ કાર્યક્રમો રાખી આ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વલસાડ જિલ્લાના પારડી શહેરની વાત કરીએ તો પારડી શહેરમાં ૧૨૦૦૦ જેટલા આદિવાસીઓની સંખ્યા છે. આજના આ મહાન દિવસે પક્ષા પક્ષી કે અન્ય ધર્મ પણ ભૂલી પોતાના આદિવાસી દિવસ હોય સૌ એક મંચ પર ભેગા થઈ સૌ સાથે મળી આજના આ આદિવાસી દિવસની સૌ આદિવાસીઓએ ધામધૂમથી ઉજવણી કરવી જોઈએ.

પારડીમાં જોઈએ તો ભાજપ શહેર પ્રમુખ પણ આદિવાસી છે અને કોંગ્રેસ શહેર પ્રમુખ પણ આદિવાસી હોવા છતાં આ બંને પ્રમુખો પોતાના આદિવાસી દિવસ નિમિત્તે બિરસા મુંડા સર્કલ પાસે ગેરહાજર રહ્યા હતા. રાજકારણ અને ધર્મ આ બંને પોતાની મરજી મુજબ રાખી શકાય છે. પરંતુ પોતે આદિવાસી હોવાનું અભિમાન પણ એટલું જ હોવું જોઈએ અને રાજકારણ અને ધર્મ ભૂલીને પોતાના આ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સૌ સાથે મળીને આજનો દિવસ ઉજવવો જોઈએ.

જેઆની ગુજરાતમાં આદિવાસી તરીકે ગણના થતી નથી. એવા મહારાષ્ટ્રના આદિવાસી ગણાતા અને પારડીમાં રહેતા લોકો આજના આ દિવસે બિરસા મુંડા સર્કલ ખાતે ઉપસ્થિત રહી પોતાના ભગવાન બિરસા મુંડાને ફુલહાર પહેરાવી આજના આ દિવસની ઉજવણી કરી કરતા પારડીની ઈજ્જત બચી જવા પામી છે નહીં તો આદિવાસી તરીકે પારડીમાંથી ફક્ત શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ અને એક મહિલા શીલાબેન પટેલ એમ ફક્ત ચાર જ આદિવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ખરેખર જોઈએ તો પારડી નગરમાં આદિવાસીની વસ્તી ૧૨૦૦૦ જેટલી જોવા મળે છે.

# વલસાડની જમનાબા વિદ્યાલયમાં નારી વંદન ઉત્સવ કાર્યક્રમ યોજાયો: મુશ્કેલીમાં હોય ત્યારે હેલ્પલાઈન સેવાનો ઉપયોગ સમજાવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**



વલસાડની જમનાબા સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન દ્વારા નારી વંદના ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત મહિલા અને બાળ આરોગ્ય દિવસ નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે આરોગ્ય, સુરક્ષા અને હેલ્પલાઈન સેવાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અંગે વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ સુરક્ષા તેમજ હેલ્પલાઈન સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. મહિલાઓ અને બાળકો મુશ્કેલીમાં હોય ત્યારે હેલ્પલાઈનનો સંપર્ક કેવી રીતે કરવો અને કઈ પરિસ્થિતિમાં મદદ મેળવી શકાય તે અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ આરોગ્ય, વ્યક્તિગત સ્વચ્છતા, પોષણ, સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા, સ્વચ્છતા જાળવવા અને પોષણયુક્ત આહાર અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

નારી વંદન ઉત્સવ-૨૦૨૬નો મુખ્ય હેતુ મહિલાઓ અને બાળકોના અધિકારો, આરોગ્ય, સુરક્ષા, સશક્તિકરણ અને કલ્યાણ અંગે સમાજમાં જાગૃતિ લાવવાનો છે. આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીનીઓમાં મહિલા અને બાળ સુરક્ષા પ્રત્યે જાગૃતિ, સંવેદનશીલતા અને જવાબદારી વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની વલસાડ ટીમ તથા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને મહિલા અને બાળ આરોગ્ય, સુરક્ષા તથા હેલ્પલાઈન સેવાઓ અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

# વ્યાખ્યાન વાચસ્પતિના નામે વિશ્વ વિખ્યાત આચાર્ય વિજય રામચંદ્રસૂરિશ્વરજીની આજે ૩૫મી પુણ્યતિથિ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૦:** સુધારાવાદ સામે આહલેક જગાડી જૈનોની પ્રાચીન સર્વજીવ હિતકારી સંસ્કૃતિની રક્ષા કરી. બાળદીક્ષા, યુવાદીક્ષા, વૃદ્ધદીક્ષા, સ્ત્રીદીક્ષાના માર્ગને નિષ્કંટક બનાવી, એ દીક્ષાધર્મ સુલભ બનાવ્યો. જેના પરિણામે આજે કોઈ પણ ગચ્છમાં, કોઈપણ સંપ્રદાયમાં અત્યંત સુલભતાથી દીક્ષાઓ આપવા લાગી છે. તદુપરાંત દેવદ્રવ્યની પણ એમણે રક્ષા કરી. સંયમ કરનારા જીવનમાં હજારો વ્યાખ્યાનો, વાચના કરવાથી જૈન-જૈનેતરોમાં તેઓ પરમગુરુ તરીકે માને છે અને અનેક અજૈનોએ એમને પોતાના હૃદયમાં સ્થાપિત કરેલા છે.

વર્તમાન કાળમાં મહત્ત્વના સ્થાને રહેલા અનેક આચાર્યો-પદસ્થો ભાવાર્થ ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજીના ઉપકારને યાદ કરે છે.

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજીની આજે ૩૫મી પુણ્યતિથિ છે.

ભાવાર્થ ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી એટલે વિક્રમ સંવતની વીસમી સદીના એક મહાપ્રભાવક મહાપુરુષ. અપૂર્વ વિનય, અપૂર્વ વૈયાવચ્ચ અને અપૂર્વ જ્ઞાનસાધનાની ધૂણી ધકાવી દીધી. ખૂબ જ ટૂંકા સમયમાં ગીતાર્થ બન્યા અને શાસનરક્ષાનાં મહત્ત્વનાં કાર્યોની જવાબદારી વડીલોએ એમના વૃષભ સ્કંધો ઉપર મૂકી. પરિણામે માત્ર સાત જ વર્ષના પર્યાયે ખંભાતમાં થયેલ મુનિ સંમેલનમાં સક્રિય ભાગ લીધો. એની કમિટીમાં આચાર્યોની હરોળમાં સ્થાન પામ્યા. ત્યારબાદ અમદાવાદમાં વ્યસન અને મુક્તિ અંગેના વ્યાખ્યાનોથી ચા જેવાં વ્યસનોનો ત્યાગ કરાવી હોટલોને તાળા લાગી જાય તેવી ભૂમિકા સર્જી. આગળ વધીને ભદ્રકાલીના મંદિરમાં અપાતો બોકડાનો બલી અટકાવ્યો. પરિણામે ગુજરાતનાં અન્ય ગામોમાં થતી હિંસાઓ પણ અટકી.

મુંબઈ જેવી નગરીમાં પધારી સુધારાવાદ સામે આહલેક જગાડી. જૈનોની પ્રાચીન



સર્વજીવ હિતકારી સંસ્કૃતિની રક્ષા કરી. બાળદીક્ષા, યુવાદીક્ષા, વૃદ્ધદીક્ષા તથા સ્ત્રીદીક્ષાના માર્ગને નિષ્કંટક બનાવી, એ દીક્ષાધર્મ સુલભ બનાવ્યો.

આ મહાપ્રભાવક મહાપુરુષે અનેક મહાતીર્થોની પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાદિ મહોત્સવો તેમજ હજારો જિનપ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરાવીને શ્રીસંઘને અત્યંત ઉપકારી આલંબન પૂરું પાડ્યું છે.

કચ્છથી કલકત્તા અને દિલ્હીથી દક્ષિણ દેશ સુધી તેઓ વિચર્યા હતા. મારવાડ, મેવાડ, માલવા અને મહારાષ્ટ્ર એમના પદરજથી પાવન બન્યાં હતાં. જ્યાં જ્યાં તેઓ વિચર્યા ત્યાં ત્યાંની પ્રજા ધર્માભિમુખ બની હતી. જ્યાં જ્યાં તેઓએ પાદાર્પણ કર્યું, ત્યાંના દરેક જિનાલયની દરેક પ્રતિમાજીને ખમાસમણપૂર્વક તેઓએ વંદન કર્યા હતા.

જૈનોના તમામ ફિરકાઓમાં તે સમયે તેઓ વયોવૃદ્ધ, પર્યાયવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ હતા. જૈન મુનિઓએ જાહેરમાં એકરાર કરેલો છે કે, ‘‘અમે આ સ્થાને પહોંચ્યા છીએ તે ઉપકાર પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાનો છે.’’ આમાં તપાગચ્છ સિવાય અન્ય ગચ્છોના છેક ગચ્છાધિપતિ પદ સુધી પહોંચેલા મહાત્માઓનો પણ સમાવેશ થાય છે.

વિ.સં. ૧૯૯૦ના અમદાવાદ મુનિ સંમેલનમાં સમગ્ર પક્ષ તરફથી મુનિ સંમેલન માટે વડીલ આચાર્યો દ્વારા એઓશ્રીની નિમણૂક કરાઈ હતી. એ તેમની દૂરંદેશી અને ગીતાર્થતાની પ્રતીતિ કરાવે છે. તેઓના શિષ્યો-પ્રશિષ્યો પૈકી ૪૦થી વધુ મહાત્માઓ તો છેક આચાર્યપદ સુધી પહોંચી પ્રભુશાસનને આરાધના, પ્રભાવના અને સુરક્ષા યોજી રહ્યા છે.

બરાબર આથમતા સૂર્યની સાક્ષીએ તેમના પાવન પાર્થિવ દેહનો પુણ્યસંસ્કાર કરાયો, જ્યાં આજે તેમની સ્મૃતિને સદાય સતેજ રાખતું ચતુર્મુખી માર્બલનું ત્રિમંજિલ વિરાટકાય સ્મૃતિમંદિર શોભી રહ્યું છે. જે ભક્તો માટે શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બની ગયું છે. આજે સેંકડો સાધુ-સાધ્વીઓ અને હજારો ભક્તો ત્યાં જઈ બે હાથ જોડી ભક્તિ અને શ્રદ્ધાના ફૂલો ચઢાવશે.

આજરોજ મુંબઈ-અમદાવાદ-વડોદરા-સુરત-ખંભાત-જોધપુર-બેંગ્લોર-ગોટા-નાસિક-પુના આદિ અનેક શહેરોમાં વિરાટ ગુણાનુવાદ સભાઓ યોજાશે.

# વલસાડના વેલવાચ ગામમાં આત્મા દ્વારા બે દિવસીય ફાર્મર સાઈન્ટિસ્ટ ઈન્ટરેકશન તાલીમ કાર્યક્રમ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૦**

વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા વલસાડ તાલુકાના વેલવાચ ગામે બે દિવસીય તાલીમ ફાર્મર સાઈન્ટિસ્ટ ઈન્ટરેકશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જેમાં પ્રથમ દિવસે ૧૩૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં ઘણા અધિકારીઓ અને પદાધિકારીઓ સાયન્ટિસ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કપરાડાના તાલુકાના અંભેટી ગામમાં આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સાયન્ટિસ્ટ મિતેશભાઇ ગજ્જર દ્વારા ડાંગર પાકમાં પ્રાકૃતિક ખેતીથી થતી ખેતી વિશે માહિતી આપવામાં આવી હતી. પરીયા ફાર્મના સાયન્ટિસ્ટ દ્વારા આંબાની માવજત પ્રુનિંગ વિશે માહિતી આપવામાં આવી હતી. બાગાયત ખાતાના અધિકારી દ્વારા યોજનાકિય માહિતી તથા અન્ય બાગાયતી પાકો વિશે માહિતીઓ આપવામાં આવી હતી.

આત્મા પ્રોજેક્ટના બીટીએમ કેવલ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી તથા કેમિકલ મુક્ત શાકભાજી પોતાના કિચન ગાર્ડનમાં ઉગાડી એનો ઉપયોગ પોતાના માટે કરવા જણાવ્યું અને દેશી ગાય થી થતા ફાયદા વિશે ચર્ચા કરવામાં આવી હતી તથા ગામના સરપંચશ્રીએ પ્રાકૃતિક ખેતીમાં વધુમાં વધુ ખેડૂતો જોડાઈ એવી હાકલ કરી હતી.

બીજા દિવસની તાલીમમાં પ્રગતિશીલ ખેડૂત શશીકાંતભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીના અનુભવો તથા પ્રાકૃતિક ખેતીના આયોમો વિશે અને એક દેશી ગાય રાખવાથી ૩૦ એકરમાં ખેતી થઈ શકે અને જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત કેવી રીતે બનાવાઈ તેની પ્રેક્ટિકલ તાલીમ દ્વારા ખેડૂત ભાઈઓ બહેનોને સમજણ આપવામાં આવી હતી અને આજુબાજુના ત્રણ ગામોના ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી કરે એવી આશા વ્યક્ત કરી હતી. શિવાનીબેન ગઢવી દ્વારા દેશી ગાય નિભાવ ખર્ચ તથા મોડલફાર્મ વિશે માહિતી આપવામાં આવી હતી. શીતલબેન અને ટીનાબેન દ્વારા ખેડૂતોને ખેડૂત નોંધણી વિશે માહિતગાર કર્યા હતા અને પ્રાકૃતિક ખેતીનો વધુમાં વધુ ખેડૂતો તાલીમમાં લાભ લે એવું જણાવ્યું હતું. આ બે દિવસીય તાલીમમાં કુલ ૧૯૦ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ધરમપુરમાં રવિવારે વિશ્વ આદિવાસી દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ૧૦ હજાર ઉપરાંત મેદની ઉમટી પડી હતી. ડીજે સંગીત, આદિવાસી નૃત્ય, પરંપરગત વેષભુષામાં આદિવાસી યુવાનો, યુવતીઓ ઉમટી પડ્યા હતા.





વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# પેપર લીક મુદ્દે ભાજપની ઊલટી ગંગા..!

### જંતર-મંતરમાં થયેલા આંદોલનમાં મચક ન આપનારી ભારતીય જનતા પાર્ટી ઝારખંડમાં વિદ્યાર્થીઓના આંદોલનને ટેકો આપી રહી છે

ઝારખંડમાં છેલ્લા ઘણા દિવસથી પેપર લીક તથા પરીક્ષા વ્યવસ્થામાં સુધારાની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ કોઈ એક વ્યક્તિના રાજીનામાં સાથે નહીં પણ સમગ્ર સિસ્ટમના ધરમૂળથી ફેરફાર તથા સીબીઆઈ તપાસની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે ત્યારે જંતર-મંતરમાં થયેલા આંદોલનમાં મચક ન આપનારી ભારતીય જનતા પાર્ટી આ આંદોલનને ટેકો આપી રહી છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ શરૂઆતથી જ રાંચીના આંદોલનને ટેકો આપી રહી છે. આજે પણ ભાજપના નેતાઓ ધરણાં પર બેઠા હતા. જેમની પોલીસે અટકાયત કરી છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ આજે જ ધરણાં પર બેઠા હતા. ભારે સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરીને ભાજપના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહૂ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની અટકાયત કરવામાં આવી છે. રાંચીના SPએ પોલીસ જવાનોને ધીરજ રાખવા પણ હાકલ કરી છે. ઝારખંડના CM હેમંત સોરેનની સરકારના મંત્રી યોગેન્દ્ર પ્રસાદે આરોપ લગાવ્યો છે કે, વિદ્યાર્થીઓના આંદોલનમાં ભારતીય જનતા પાર્ટી પડદાં પાછળથી બેટિંગ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી વિદ્યાર્થીઓના આંદોલનને હાઈજેક કરવા માંગે છે. ઝારખંડના અન્ય એક મંત્રી સુદિવ્ય સોનુએ કહ્યું છે કે, સરકારે હાઈ લેવલ સમિતિ બનાવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રહી છે. તેમની મોટા ભાગની માંગ સ્વીકારી લેવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહુએ કહ્યું છે કે, મુખ્યમંત્રી સોરેને સ્પષ્ટ કરવું જોઈએ છે કે તેઓ વિદ્યાર્થીઓને ન્યાય આપવા માંગે છે કે નહીં. વિદ્યાર્થીઓની માંગ છે કે સમગ્ર મામલે સીબીઆઈ તપાસ થવી જોઈએ તો તેમાં વાંધો શું છે? મુખ્યમંત્રી કોંગ્રેસ પાર્ટીના કહેવામાં આવી ગયા છે.

# જીવનની સફરમાં સમયનું ઘણું મહત્ત્વ છે અને એક વખત સમય હાથમાંથી સરકી ગયો પછી પાછો ફરતો નથી

**માણસે જીવનમાં દીપક સમાન જિંદગી જીવવી જોઈએ, દીવો પોતે સળગીને બીજાને રોશની આપે છે, ચંદન પોતે ઘસાઈને અન્યને શીતળતા બક્ષે છે, અગરબત્તી પોતે બળીને વાતાવરણમાં સુવાસ ફેલાવે છે, આમ માણસે આમાંથી પ્રેરણા લઈને કોઈને સુખી કરવાનાં પ્રયાસ કરવા જોઈએ**

જીવનની સફર એ એક એવી સફર છે કે એને આજદિન સુધી કોઈ સમજી શક્યું નથી કે જાણી શક્યું નથી. આ જીવન સફરમાં દરેક વ્યક્તિ નાની મોટી ડગર તો ભરે છે, પરંતુ પોતાનું લક્ષ્ય શું છે કે મંઝિલ ક્યાં છે તેની સમજ નથી. ઘણાં વ્યક્તિઓ જીવનની સફરને સારી રીતે માણે છે, કેમકે આજની ઘડી જ આપણી પાસે છે. આવતીકાલની આપણને કોઈને ખબર નથી. તો ઘણાં વ્યક્તિઓ જીવનને બોજ ગણે છે અને માત્ર જીવવા ખાતર જીવન વન વિતાવી નાંખે છે. જીવનની સફરમાં સમયનું ઘણું મહત્ત્વ છે અને એક વખત સમય હાથમાંથી સરકી ગયો પછી પાછો ફરતો નથી. જીવન કેરી સફરમાં ફૂલો રોજ ઊગે છે, લાખો લોકો એકબીજાને મળે છે, પરંતુ પાનખરમાં જે ફૂલો કરમાય કે ચીમળાઈ જાય છે તે વસંત ઋતુમાં પણ ફરીથી ખીલતાં નથી. એવી જ રીતે આપણાં જીવનમાંથી રિસાઈને કે કોઈ અન્ય કારણોસર આપણો મનમીત ચાલ્યો જાય છે, તે પાછો આવતો નથી. રાત પછી દિવસ અને દિવસ પછી રાત, આ ચક્ર જીવનમાં નિરંતર ચાલતું જ રહે છે. પરંતુ સમય તો દિવસ કે રાત જોતો જ નથી અને સતત, અવિરતપણે એની ગતિમાં ચાલ્યા જ કરે છે. જેમ સિનેમાના પરદા પર ચલચિત્રનું દૃશ્ય બદલાયાં કરે છે, જો આપણે એ દૃશ્ય ચૂકી ગયાં તો એ દૃશ્ય ફરીથી પરદા ઉપર આવતું નથી. એવી જ રીતે જીવન સફરમાં સમયની સાથે તાલ મિલાવી ના ચાલ્યાં તો સમય તમને ફેંકીને આગળ નિકળી જશે અને પછી રોવાનો વારો આવશે. સફર વિશે ઈન્દીવર નામના ગીતકારે લખ્યું છે કે સફરમાં જે સમયની સાથે ચાલતો રહે છે તે ફાવી શકે છે અને જે અધવચ્ચે રોકાયો તે તણખલાંની માફક ફેંકાઈ જાય છે. સમય પોતાની સાથે બધું હરી જાય છે, કારણકે સમયની ધારા ઘણી તેજ હોય છે. જીવનમાં સુખ અને દુઃખ બંને સાથે આવવાના જ છે, છતાં પણ હિંમત હાર્યા વગર જે આગળ

## જીવનની સફર



આલેખન
યોગેશભાઈ આર. જોશી
હાલોલઃ ૩૮૯૩૫૦, જિ. પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

વધે છે એજ વ્યક્તિ આગળ વધી શકે છે. સુખ અને દુઃખ એ બંને રથનાં પૈડાં સમાન છે અને જો એક પૈડું ખોટકાઈ જાય તો આખો રથ કકડભૂસ થઈને પડી જાય છે. જીવનરૂપી રથનું પણ આવું જ છે. **જીવનમાં જો વધારે પડતાં દુઃખો હોય તો જીવન નરક સમું બની જાય છે અને જીવનમાં જરૂર કરતાં વધારે પડતું સુખ હોય તો માણસ મોહાંધ, મદાંધ, સ્વાર્થી અને અવિવેકી બની જાય છે. માણસ અહંકારી અને ઘમંડી બની જાય છે અને સારાસારનો વિવેક ચૂકી જાય છે અને આ બધાં કારણો એનાં પતનના નિમિત્ત બને છે.** જીવન પ્યારના ગીત સમાન છે અને આપણે એને ગાવું પડે છે અને જીવન ગમોનો દરિયો પણ છે છતાં હિંમત રાખીને સામે પાર ઉતરવું પડે છે. જીવનમાં સતત આગળ વધતાં જ રહેવું જોઈએ જો અડધેથી રોકાઈ ગયાં કે હિંમત હારી ગયા તો બધું ગુમાવવું પડશે. જીવનની સફરમાં ફૂલો ભરેલો અને કાંટા ભરેલો એમ બંને પાથ આવશે, પરંતુ કાંટાઓ પરથી પણ સિફતપૂર્વક ચાલીને મંઝિલ પર પહોંચવું પડશે. જીવનમાં તડકી છાંયડી અને લીલીસૂકી પણ આવશે, તેમ છતાં, દરેક પ્રકારના સુખ, દુઃખ અને ગમોને ગળે લગાડીને આગળ વધવું જોઈએ. જેમ રાત પછી દિવસ, અંધકારની પાછળ સવાર આવવાની છે, એ નજર સમક્ષ રાખીને જો ચાલશો, તો તમે ચોક્કસ નિર્ધારિત લક્ષ્યને હાંસલ કરી શકશો. માણસે જીવનમાં દીપક સમાન જિંદગી જીવવી જોઈએ. દીવો પોતે સળગીને બીજાને રોશની આપે છે, ચંદન પોતે ઘસાઈને અન્યને શીતળતા બક્ષે છે. અગરબત્તી પોતે બળીને વાતાવરણમાં સુવાસ ફેલાવે છે. આમ માણસે આમાંથી પ્રેરણા લઈને કોઈને સુખી કરવાનાં પ્રયાસ કરવા જોઈએ. છેલ્લે સાજન બીના સુહાગન ફિલ્મના એક ગીતની બે લાઈનો લખીને મારી કલમને વિરમું છું.

'મધુબન ખુશ્બુ દેતાં હૈ, સાગર સાવન દેતાં હૈ, જીના ઉસકા જીના હૈ, જો ઔરો કો જીવન દેતાં હૈ.'

## બેંકો, રિકવરી એજન્ટ્સની દાદાગીરી પર RBIની લગામ

# લોન વસૂલવા હવે રિકવરી એજન્ટો ધમકી, મારામારી, ગાળો નહીં આપી શકેઃ RBI

### બેંકો પોતાની બાકી લોનની વસૂલાત કરવા માટે લોનધારકનો મોબાઈલ ફોન કે લેપટોપ નિષ્ક્રિય ના કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦:** રિઝર્વ બેંકે બાકી લોનની ઉઘરાણી માટે વારંવાર ગ્રાહકોને ધમકી આપતાં, ગાળો ભાંડતા કે માર મારતા રિકવરી એજન્ટોની દાદાગીરી પર લગામ લગાવી છે. રિકવરી એજન્ટોના ત્રાસમાંથી લોનધારકોને મોટી રાહત આપતાં રિઝર્વ બેંકે કેટલાંક નવા નિયમો જારી કરી, રિકવરી એજન્ટ્સ પર લોનધારકોને અપમાનજનક ભાષા બોલવા પર, વારંવાર કોલ કરી પરેશન કરવા પર કે હિંસક આચરણ કરવા જેવા આકરાં પગલાં લેવા પર પ્રતિબંધ મુક્યો છે. આ નવા નિયમો ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અમલી બનશે. સોશિયલ મીડિયા અને ફોન દ્વારા લોન લેનારાઓની થતી સતત પજવણીના વધતાં કિસ્સોઓને પગલે રિઝર્વ બેંકે ધિરાણકારો તથા રિકવરી એજન્ટો માટે આ નવા નિયમો જારી કર્યા છે. કસમયે ફોન કરવા પર અને બળપ્રયોગ કરવા પર તો રિઝર્વ બેન્ક અગાઉ જ પ્રતિબંધ મૂકી ચૂકી છે. મધ્યસ્થ બેંક દ્વારા બેંકના કર્મચારીઓ તથા રિકવરી એજન્ટ્સ પર ધમકીભરી કે અશ્લિલ ભાષાના ઉપયોગ કરવા પર, લોનધારકની વ્યક્તિગત માહિતી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા પર, અયોગ્ય મેસેજીસ મોકલવા પર કે વારંવાર ફોન કરી પરેશન કરવા પર રોક લગાવી છે. નવા નિયમો અનુસાર, એજન્ટ્સ લોનધારકો કે તેમના સગાં-સંબંધીઓ, લોન માટે રેફરન્સ આપનાર, મિત્રો કે સહકર્મીને ધાકધમકી કે જાહેરમાં અપમાનીત નહીં કરી શકે. આ ઉપરાંત ખોટી કે ગેરમાર્ગે દોરનારી રજૂઆતો ખાસ કરીને દેવાને લગતી વિગતો અથવા તો લોન નહીં ચૂકવે તો પરિણામો ભોગવવાની ધમકી




આપવા પર પણ પ્રતિબંધ મુકાયો છે.

નવા નિયમોમાં રિઝર્વ બેંકે ભારપૂર્વક જણાવ્યું છે કે, બેંકો પોતાની બાકી લોનની વસૂલાત કરવા માટે લોનધારકનો મોબાઈલ ફોન કે લેપટોપ નિષ્ક્રિય ના કરી શકે. જોકે અપવાદરૂપ કિસ્સાઓ કે જેમાં બેન્કે જ આ ઉપકરણો માટે ધિરાણ કર્યું હોય તો લોનની વસૂલાત માટે તેમ કરવાની મંજૂરી અપાઈ છે. મોબાઈલ કે લેપટોપ નિષ્ક્રિય કરવાના કિસ્સામાં પણ બેંકોએ તબક્કાપૂર્વક આ કામગીરી કરવાની રહેશે. બેંકો મોબાઈલના આવશ્યક ફીચર્સ જેમ કે ઈનકમિંગ કોલ, એસએમએસ અને ઈમરજન્સી એસઓએસ ફીચર્સને બંધ નહીં કરી શકે.

## જનતા પર પડશે મોંઘવારીનો વધુ એક માર

# તેલ, સાબુ, બિસ્કિટથી લઈને બ્રેડ સહિતની ઘણી ચીજવસ્તુઓ મોંઘી થશે





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

જૂન મહિનામાં અનેક ચીજ વસ્તુઓ પર ભાવ વધારો કરી ગ્રાહકોને ઝટકો આપ્યા બાદ હવે FMCG કંપનીઓ સપ્ટેમ્બર મહિનાની ત્રીમાસિક ગાળામાં ફરી ભાવવધારો કરવાની તૈયારી કરી લીધી છે. જેમા તેલ, સાબુ જેવી રોજબરોજની ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે. મળતા અહેવાલ અનુસાર બ્રિટાનિયાથી લઈને હિંદુસ્તાન યુનિલિવર અને ડાબર સહિતની કંપનીઓએ કાચા માલના વધતા ભાવ અને જિયોપોલિટિકલ તણાવનો હવાલો દેતા ભાવ વધારો કરવાની તૈયારીમાં છે. એજન્સીનું માનીએ તો ભારતની અગ્રણી ફાસ્ટ-મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) કંપનીઓ સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન પસંદગીના ઉત્પાદનો પર ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. જૂન ક્વાર્ટર દરમિયાન સરેરાશ ૨-૫% ભાવ વધારો લાગુ કર્યા પછી, FMCG કંપનીઓ હવે મોંઘવારીના દબાણને ઘટાડવા માટે ટાર્ગેટેડ મૂલ્ય નિર્ધારણ પગલાં તરફ આગળ વધી રહી છે.

આ કંપનીઓ જણાવે છે કે વધતી જતી કોમોડિટી કિંમતો અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ તેમના માર્જિનને પ્રતિકૂળ અસર કરી રહી છે; તેઓ ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા અને ચોમાસા અને અલ નીનોની સંભવિત અસર સાથે સંકળાયેલા જોખમોનું પણ નજીકથી નિરીક્ષણ કરી રહી છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ, કેટલીક કંપનીઓ ચીજવસ્તુઓની પેકિંગ નાના કરી રહી છે અથવા તો ભાવ વધારો કરવાની તૈયારીમાં છે. કંપનીઓ કાં તો ચોક્કસ પેકેજોમાં ઉત્પાદનની માત્રા ઘટાડી રહી છે અથવા પસંદગીની વસ્તુઓ પર ભાવ વધારવાની તૈયારી કરી રહી છે.

બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ રૂા.૫ અને રૂા.૧૦ની કિંમતના બિસ્કિટના પેકેટ પર આશરે ૧.૫-૨%નો ભાવવધારો કરવાની અપેક્ષા રાખી રહી છે. બ્રિટાનિયાના MD અને CEO રક્ષિત હરગવેએ આ ભાવ વધારાનો સંકેત આપતા જણાવ્યું કે કંપની ખાંડ અને પામ તેલ જેવા મુખ્ય કાચા માલના વધતા ખર્ચનો સામનો કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ક્વાર્ટરના અંતમાં વધુ વધારો જોવા મળી શકે છે. જો એકંદર અસર ૧% હતી, તો ૧.૫-૨% નો વધુ વધારો થવાની સંભાવના છે

ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ લિમીટેડએ ગત જુન મહિનામાં તેના તમામ પ્રોડક્ટ્સની કિંમતોમાં સરેરાશ ૫ %નો વધારો કરી ગ્રાહકોને ઝટકો આપ્યો હતો. જ્યારે કંપની હવે સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં પણ ભાવ વધારો કરી શકે છે. જો કે રિપોર્ટમાં કહેવાયુ છે કે કંપની હાલ ભાવ વધારાનું પગલુ લેતા પહેલા કોમોડિટીની કિંમતો પર નજર રાખી રહી છે.

બ્રિટાનિયા અને ગોદરેજની સાથે, ડાબર ઈન્ડિયા પણ ટૂંક સમયમાં તેના ગ્રાહકો પર મોંઘવારીનો બોંબ ફોડી શકે છે. હાઈ ઈનપુટ કોસ્ટના પડકારની આશંકા વચ્ચે કંપની તેના માર્જિનને સુરક્ષિત રાખવા માટે પસંદગીના ઉત્પાદનો પર ભાવ વધારો કરી શકે છે. FMCG સેક્ટરની અન્ય કંપનીઓની વાત કરીએ તો હિંદુસ્તાન યુનિલીવર લિમીટેડ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં પ્રોડક્ટ્સ કેટેગરીની કિંમતો વધારી શકે છે. કંપનીએ FY27ના પહેલા ક્વાર્ટરમાં તેની ચીજવસ્તુઓની કિંમતોમાં ૨-૫ %નો વધારો કર્યો હતો. રિપોર્ટમાં HULના CEO અને MD પ્રિયા નાયરને ટાંકીને કહેવાયું છે કે કંપની મોંઘવારીને જોતા સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ભાવમાં વધારો કરવાનું વિચારશે. આ ઉપરાંત, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના MD સુનિલ ડિસોઝાએ સંકેત આપ્યો છે કે જો જરૂરી હોય તો ઉત્પાદનના ભાવમાં વધુ ગોઠવણો પર વિચાર કરી શકાય છે.

# કેનેડાએ વિદેશી શૈક્ષણિક પરીક્ષકો માટે નવી વર્ક પરમિટ મુક્તિ રજૂ કરી

**(જી.એન.એસ) ટોરોન્ટો, તા.૧૦**

કેનેડાએ પહેલી વાર વર્ક પરમિટ વિના શૈક્ષણિક પરીક્ષકો તરીકે કામ કરવા માંગતા વિદેશી નાગરિકો માટે ચોક્કસ પાત્રતા માપદંડ પ્રકાશિત કર્યા છે. ૩૧ જુલાઈના રોજ ફેડરલ સરકાર દ્વારા જારી કરાયેલ અપડેટેડ સૂચનાઓ હેઠળ, વિદેશી પરીક્ષકો સંબંધિત ક્ષેત્રમાં સ્થાપિત પ્રતિષ્ઠા ધરાવતા વરિષ્ઠ શૈક્ષણિક અથવા ઉદ્યોગ વ્યાવસાયિકો હોવા જોઈએ. તેમણે ગવર્નિંગ બોડી તરફથી સત્તાવાર આમંત્રણ પત્ર પણ પ્રદાન કરવો આવશ્યક છે જેણે તેમને નિર્ણય લેવા માટે આમંત્રણ આપ્યું છે. નવી માર્ગદર્શિકા વર્ક પરમિટ મુક્તિની ત્રણ શ્રેણીઓની રૂપરેખા આપે છેઃ થીસીસ પરીક્ષકો, સંશોધન દરખાસ્ત મૂલ્યાંકનકારો અને કાર્યક્રમ અથવા યુનિવર્સિટી પ્રોજેક્ટ મૂલ્યાંકનકારો. અપડેટેડ સૂચનાઓમાં મુક્તિ માટે ત્રણ માનક શરતો પણ નિર્ધારિત કરવામાં આવી છે. વિદેશી નાગરિકનું કાર્ય(ઓ) છ મહિનાથી ઓછા સમયગાળાનું હોવું જોઈએ અને વિદેશી નાગરિકને પ્રવૃત્તિઓ માટે કેનેડા તરફથી મહેનતાણું મેળવવા પર પ્રતિબંધ છે.




ઈમિગ્રેશન અધિકારીઓ પરમિટ વિના કામ કરવાની અધિકૃતતા પર ચોક્કસ શરતો અથવા મર્યાદાઓ પણ મૂકી શકે છે. અધિકારીઓ વિદેશી નાગરિકના પરમિટ-મુક્તિ કાર્ય અધિકૃતતા સાથે જોડાયેલ શરતોને સેટ કરીને મુલાકાતી રેકોર્ડ જારી કરી શકે છે. આ મુક્તિ હેઠળ પ્રવેશ મેળવવા માંગતા વિદેશી નાગરિકોએ દસ્તાવેજો પ્રદાન કરવા આવશ્યક છે જે દર્શાવે છે કે તેઓ પાત્રતા આવશ્યકતાઓને પૂર્ણ કરે છે. તેઓએ કામચલાઉ નિવાસીઓ તરીકે પ્રવેશતા મુલાકાતીઓ માટે કેનેડાની સામાન્ય આવશ્યકતાઓને પણ પૂર્ણ કરવી આવશ્યક છે. આમાં માન્ય કામચલાઉ નિવાસી વિઝા (TRV) અથવા ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (eTA) હોવું, જ્યાં જરૂરી હોય, અને કેનેડાની સ્વીકાર્યતા આવશ્યકતાઓને પૂર્ણ કરવી શામેલ છે. મુક્તિ ફક્ત ત્યારે જ લાગુ પડે છે જ્યાં પ્રવૃત્તિ કેનેડિયન શ્રમ બજારમાં પ્રવેશવા સમાન ન હોય. મોટાભાગના કિસ્સાઓમાં, કાર્ય માટેનું મહેનતાણું સંપૂર્ણપણે કેનેડા સાથે કોઈ નાણાકીય સંબંધ ન ધરાવતી સંસ્થાઓ પાસેથી આવવું જોઈએ.

# ૧૧થી ૧૩ ઓગસ્ટે સંસદમાં કંઈ અજૂગતુ થવાના એંધાણઃ ભાજપ-કોંગ્રેસના વ્હીપથી અન્ય પક્ષોમાં હલચલ!

### કેન્દ્ર સરકારે FCRA અને ડિલિમિટેશન બિલ રજૂ કરવાની જાહેરાત કરતાં સંસદમાં રાજકીય ગરમાવો વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

કેન્દ્રની મોદી સરકાર અને વિપક્ષ વચ્ચે સંસદના મોન્સૂન સત્રમાં મોટો રાજકીય સંગ્રામ ખેલાવાના એંધાણ મળી રહ્યા છે. FCRA (ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ) સંશોધન બિલ અને ડિલિમિટેશન (પરિસીમન) બિલને લઈને અટકળો તેજ બનતાં જ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંનેએ પોતાના તમામ સાંસદોને ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટના રોજ ગૃહમાં ફરજિયાત હાજર રહેવા માટે ત્રણ લાઈનના વ્હિપ (Whip) જાહેર કરી દીધા છે. વિપક્ષી ખેમામાં ફફડાટ છે કે સરકાર મોન્સૂન સત્રના આખરી દિવસોમાં કોઈ મોટો રાજકીય માસ્ટરસ્ટ્રોક રમી શકે છે.

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું છે કે FCRA અને પરિસીમન બિલ સરકારની પ્રાથમિકતામાં સામેલ છે અને આ બંને વિધેયકો રજૂ કરવામાં આવશે. બીજી તરફ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ FCRA બિલનો આકરો વિરોધ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું છે કે તેઓ 'ઈન્ડિયા' ગઠબંધનના તમામ ફ્લોર લીડર્સ સાથે ચર્ચા કરીને આ અંગે રણનીતિ બનાવશે. વિદેશી ફંડિંગ અને રાજકીય પારદર્શિતા સાથે જોડાયેલા FCRA બિલ પર કોંગ્રેસ આરપારની લડાઈના મૂડમાં છે. સંસદમાં સૌથી વધુ ચર્ચા ડિલિમિટેશન બિલને લઈને છે. વર્ષ ૧૯૭૬થી લોકસભા બેઠકોના પુનઃનિર્માણ પર લાગેલો સ્ટે ૨૦૨૬માં પૂર્ણ થઈ રહ્યો છે.

દક્ષિણ ભારતના રાજ્યો જેવા કે તમિલનાડુ, કેરળ, કર્નાટક અને આંધ્રપ્રદેશને ડર છે કે જો વસ્તીના ધોરણે નવી બેઠકો નક્કી થશે, તો સફળ વસ્તી નિયંત્રણ છતાં તેમની લોકસભા બેઠકો ઘટી જશે, જ્યારે ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાન જેવા વધુ વસ્તી ધરાવતા ઉત્તરી રાજ્યોનું પ્રતિનિધિત્વ વધી જશે. જોકે, ભાજપનું કહેવું છે કે દેશના દરેક નાગરિકને વસ્તીના સમાન પ્રમાણમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળવું બંધારણીય અધિકાર છે. એક તરફ વિપક્ષી ગઠબંધનમાં એકતા દાખવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, તો બીજી તરફ એનસીપી (શરદ પવાર જૂથ)ના ૮ લોકસભા સાંસદો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરવાના છે. સુપ્રિયા સુલેએ આ મુલાકાતને નીતિ વિષયક અને સન્માનજનક ગણાવી ગપસપની વાતને ફગાવી દીધી છે. પરંતુ આ મુલાકાતને કારણે મહારાષ્ટ્ર સહિત દેશના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે અને એવી અટકળો પણ ચાલી રહી છે કે શું સરકાર ગણિત સાધવાના પ્રયાસ કરી રહી છે. સંસદમાં હાલના મોન્સૂન સત્રમાં સરકારે અત્યાર સુધીમાં ૮ બિલ રજૂ કર્યા છે, જેમાંથી ૫ બિલ એક ગૃહમાંથી પસાર થઈ ચૂક્યા છે. હવે આગામી દિવસોમાં વધુ ૪ મહત્ત્વના બિલ રજૂ થવા જઈ રહ્યા છે.

રક્ષા મંત્રાલયનો ઐતિહાસિક નિર્ણય

# પહેલીવાર ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લાની પ્રાચીરથી ગૂંજશે વંદે માતરમ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

દેશ આ વખતે પોતાનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવશે. સ્વતંત્રતા દિવસના સમારોહની તૈયારીઓ ચરમ પર છે. આ બધા વચ્ચે રક્ષા મંત્રાલયે આ કાર્યક્રમ સંલગ્ન એક મહત્વની જાણકારી શેર કરી છે.

મંત્રાલયના જણાવ્યાં મુજબ આ વખતે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલી વખત રાષ્ટ્રગીત વંદે માતરમ ગવાશે. આ આયોજન સ્વતંત્રતા સમારોહના કાર્યક્રમનો ભાગ રહેશે અને તેને આ વખતના સમારોહમાં એક ખાસ બદલાવ તરીકે જોવામાં આવી રહ્યો છે.

દર વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ દેશના પ્રધાનમંત્રી લાલ કિલ્લાની પ્રાચીરથી દેશને સંબોધિત કરે છે. ત્યારબાદ સ્વતંત્રતા દિવસ સમારોહમાં અનેક કાર્યક્રમનું આયોજન થાય છે. પરંતુ આ વખતના સમારોહમાં વંદે માતરમ્‌ને વિશેષ સ્થાન અપાયું છે. રક્ષા મંત્રાલય તરફથી અપાયેલી જાણકારી મુજબ ૮૦માં સ્વતંત્રતા દિવસ સમારોહના ભાગ તરીકે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલીવાર વંદે માતરમ ગાવામાં આવશે.

વંદે માતરમનું ભારતીય સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં એક આગવું મહત્વ છે. બંકિમ ચંદ્ર ચટોપાધ્યાયની રચના આ ગીત આઝાદીની લડતના દૌરમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ચેતનનું પ્રતિક બન્યું હતું. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન આ ગીતે લોકોમાં દેશ પ્રત્યે એકજૂથતા અને સ્વાધિનતાની ભાવનાને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જેના કારણે આજે પણ વંદે માતરમનું નામ દેશના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં ઊંડાણપૂર્વક જોડાયેલું છે.

આ વર્ષનો સ્વતંત્રતા દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે દેશ આઝાદીની ૮૦મી વર્ષગાંઠ ઉજવશે. લાલ કિલ્લા પરથી થનારા મુખ્ય સમારોહમાં પીએમ મોદીનું સંબોધન, ધ્વજારોહણ, અને અન્ય પરંપરાગત કાર્યક્રમો સાથે વંદે માતરમનું ગાયન પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. રક્ષા મંત્રાલયની જાહેરાત બાદ હવે લોકોની નજર ૧૫ ઓગસ્ટના એ ઐતિહાસિક સમારોહ પર હશે જ્યારે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલીવાર રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ની ગૂંજ સંભળાશે.

રાંચીમાં વિદ્યાર્થી આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

# રાંચીમાં સ્થિતિ કાબૂ બહારઃ વિધાનસભા પરિસરમાં ઘૂસ્યા વિદ્યાર્થીઓ, લાઠીચાર્જ બાદ હિંસક ઘર્ષણ

## પોલીસે લાઠીચાર્જ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો, છતાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રગાન ગાવા લાગ્યા : વિદ્યાર્થીઓએ ૬ બેરિકેડ તોડી નાખ્યા છે, તેમની CBI તપાસની માંગ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૧૦**

ઝારખંડના પાટનગર રાંચીમાં JPSC પરીક્ષા ગેરરીતિ અને પેપર લીકની CBI તપાસની માંગ સાથે શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન સોમવારે ચરમસીમાએ પહોંચી ગયું હતું. 'વિધાનસભા ઘેરાવ' માર્ચ દરમિયાન તમામ સુરક્ષા બેરિકેડ્સ તોડીને સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઝારખંડ વિધાનસભા પરિસરમાં ઘૂસી ગયા હતા અને ગેટ નંબર ૧ પર જમાવડો કર્યો હતો. પોલીસે માર્ચને રોકવા માટે રસ્તાઓ પર કાંટાળા તાર અને ભારે બેરિકેડ્સ ગોઠવ્યા હતા. પરંતુ આક્રોશિત વિદ્યાર્થીઓ આ તારોને પોતાના હાથ વડે ઊંચકીને દૂર લઈ ગયા હતા. પરિસ્થિતિ એ સ્તરે પહોંચી ગઈ હતી કે સેંકડો વિદ્યાર્થીઓ વિધાનસભા પરિસરની અંદર ઘૂસી ગયા હતા અને કેટલાંક પ્રદર્શનકારીઓ રસ્તા પર જ સૂઈને સરકાર વિરૂદ્ધ નારેબાજી કરવા લાગ્યા હતા.

વિધાનસભા તરફ આગળ વધી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે ભીડ વિખેરવા માટે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. પરંતુ વિખેરાવાને બદલે વિદ્યાર્થીઓ ફરી એકઠા થઈ ગયા હતા અને પોલીસનો સામનો કર્યો હતો. વિદ્યાર્થીઓની પ્રચંડ સંખ્યાને જોતાં વિધાનસભા સંકુલની સુરક્ષા અત્યંત કડક કરી દેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, સ્થિતિ કાબૂ બહાર જતી જોઈને પ્રશાસને ઝારખંડના અન્ય જિલ્લાઓની પોલીસને તાત્કાલિક અસરથી રાંચી પહોંચવાનો આદેશ આપ્યો હતો.

દિવસભર ચાલેલા ભારે હોબાળા, ઘર્ષણ અને ટીયર ગેસના મારા વચ્ચે ઝારખંડ વિધાનસભાનું આજનું સત્ર પૂર્ણ થયું હતું. કાર્યવાહી સ્થગિત થયા બાદ રાંચી પોલીસે વિધાનસભાના ગેટ નંબર ૧ પર બેસેલા તમામ આંદોલનકારી વિદ્યાર્થીઓને શાંતિ જાળવવા અને પોતપોતાના ઘરે પરત ફરવા માટે જાહેરમાં અપીલ કરી હતી.

વિદ્યાર્થીઓ આગળ વધતાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ફરીથી તીવ્ર ઘર્ષણ થયું હતું. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે ભીડને વિખેરવા માટે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના ગોળા છોડ્યા હતા, જેનાથી રસ્તાઓ પર નાસભાગ મચી ગઈ હતી.

આ આંદોલન વચ્ચે ઝારખંડ લોકસેવા આયોગ (JPSC) સિવિલ સેવા પરીક્ષા ગેરરીતિ કેસમાં CID એ JPSCના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ L. Khiangteની ધરપકડ કરી લીધી છે. તપાસમાં સહયોગ આપવા માટે તેમણે ગયા મહિને જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું, અને અનેક રાઉન્ડની પૂછપરછ બાદ તેમની સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે.

બીજી તરફ, રાંચીમાં વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી બાદ રાજકારણ પણ ગરમાયું છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વિપક્ષ પર ડબલ સ્ટાન્ડર્ડ રાખવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી તરુણ ચુગે કહ્યું કે, જે લોકો દિલ્હીમાં વિદ્યાર્થીઓના આંદોલનને હાઈજેક કરવા માટે છેલ્લી ઘડી સુધી તરફડિયાં મારી રહ્યા હતા, તે નેતાઓ આજે ક્યાં ગાયબ છે? ઝારખંડના યુવાનો પર ટીયર ગેસ છૂટી રહ્યો છે ત્યારે તેઓ મૌન કેમ છે?

પોલીસના લાઠીચાર્જ અને વોટર કેનનની કાર્યવાહી બાદ પણ વિદ્યાર્થીઓ પાછા હટ્યા નહોતા. કડક કાર્યવાહી વચ્ચે વિદ્યાર્થીઓ એકઠા થઈને દેશનું રાષ્ટ્રગાન ગાવા લાગ્યા હતા. વિદ્યાર્થીઓનો આ અનોખો વિરોધ અને સરકાર સામેનો આક્રોશ હવે આખા રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર અને સરકાર વિદ્યાર્થીઓની CBI તપાસની માંગ સામે શું વલણ અપનાવે છે.

ઝારખંડના વિદ્યાર્થીઓ છેલ્લા ૧૫ દિવસથી CBI તપાસની માંગને લઈને આંદોલન કરી રહ્યા છે. આ જ મુદ્દે આજે અમે તમામ મુખ્યમંત્રીને મળીને વિદ્યાર્થીઓની માંગ પર તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવા જઈ રહ્યા હતા. પરંતુ અમને આવાસની બહાર જ રોકી દેવામાં આવ્યા અને ખેલગાંવ સ્થિત કેમ્પ જેલમાં ડિટેન કરવામાં આવ્યા. સરકારની આ તાનાશાહીનો જવાબ આપવામાં આવશે. ઝારખંડના વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માટે અમારો સંઘર્ષ ચાલુ રહેશે.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ આજે જ ધરણાં પર બેઠા હતા. ભારે સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરીને ભાજપના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહૂ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની અટકાયત કરવામાં આવી છે. રાંચીના SPએ પોલીસ જવાનોને ધીરજ રાખવા પણ હાંકલ કરી છે. જેથી જંતર મંતર જેવી સ્થિતિનું નિર્માણ ન થાય. પોલીસે વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ રીતે કૂચ કરવાની પણ અપીલ કરી છે. પોલીસની તૈયારી છે કે વિધાનસભા તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓને ફરીથી ધરણાં સ્થળ તરફ લઈ જવામાં આવે.

ઝારખંડના CM હેમંત સોરેનની સરકારના મંત્રી યોગેન્દ્ર પ્રસાદે આરોપ લગાવ્યો છે કે, વિદ્યાર્થીઓના આંદોલનમાં ભારતીય જનતા પાર્ટી પડદાં પાછળથી બેટિંગ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી વિદ્યાર્થીઓના આંદોલનને હાઈજેક કરવા માંગે છે.

ઝારખંડના અન્ય એક મંત્રી સુદિવ્ય સોનુએ કહ્યું છે કે, સરકારે હાઈ લેવલ સમિતિ બનાવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રહી છે. તેમની મોટા ભાગની માંગ સ્વીકારી લેવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહુએ કહ્યું છે કે, મુખ્યમંત્રી સોરેને સ્પષ્ટ કરવું જોઈએ છે કે તેઓ વિદ્યાર્થીઓને ન્યાય આપવા માંગે છે કે નહીં. વિદ્યાર્થીઓની માંગ છે કે સમગ્ર મામલે સીબીઆઈ તપાસ થવી જોઈએ તો તેમાં વાંધો શું છે? મુખ્યમંત્રી કોંગ્રેસ પાર્ટીના કહેવામાં આવી ગયા છે.

## NEET પેપર લીક અને વિદ્યાર્થી આંદોલન પર સંસદમાં ચર્ચા માટે સરકાર તૈયાર : કિરણ રિજિજુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન NEET-UG પેપર લીક અને વિદ્યાર્થીઓના આંદોનલના મુદ્દે સતત વિપક્ષ હોબાળો કરી રહ્યું છે. વિદ્યાર્થીઓના આંદોલન અને પરીક્ષા વ્યવસ્થાને લઈને વિપક્ષ દ્વારા સંસદમાં ચર્ચાની માંગ કરવામાં આવી રહી છે. આ દરમિયાન સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ સરકારનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે સરકાર NEET અને વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મુદ્દાઓ પર સંસદમાં વિગતવાર ચર્ચા માટે તૈયાર છે.

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ કહ્યું કે, વિદ્યાર્થી આંદોલન સાથે જોડાયેલા મુદ્દા પર સરકાર તરફથી દરેક સવાલનો જવાબ આપવામાં આવશે. જોકે, તેમણે વિપક્ષને અપીલ કરી છે કે જ્યારે ગૃહમંત્રી અમિત શાહ આ મુદ્દે જવાબ આપે ત્યારે વિપક્ષે તેમનું નિવેદન શાંતિથી સાંભળવું જોઈએ અને હોબાળો ન કરવો જોઈએ.

કિરણ રિજિજુએ કહ્યું કે, સરકાર ચર્ચાથી પાછળ હટવાની નથી. વિદ્યાર્થીઓના પ્રદર્શન અને તેમના પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને વિપક્ષ જે પણ મુદ્દા ઉઠાવશે, સરકાર તેનો જવાબ આપવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે, સરકાર તરફથી દરેક મુદ્દા પર જવાબ આપવામાં આવશે અને વિપક્ષે પણ સરકારનો જવાબ સાંભળવો જોઈએ.

કિરણ રિજિજુએ કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષને અપીલ કરતાં કહ્યું કે, જો સરકાર વિદ્યાર્થી આંદોલન પર ચર્ચા માટે તૈયાર છે, તો સરકાર તરફથી આપવામાં આવતો જવાબ પણ શાંતિથી સાંભળવો જોઈએ. માત્ર ચર્ચાની માંગ કરવી અને ત્યારબાદ સરકાર જવાબ આપે ત્યારે હોબાળો કરવો યોગ્ય નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, સરકાર ચર્ચા માટે તૈયાર છે, પરંતુ ચર્ચા દરમિયાન સંસદની કાર્યવાહી ખોરવાય નહીં તે પણ જરૂરી છે. તેમણે કહ્યું કે, ગૃહમંત્રી અમિત શાહ જ્યારે સરકાર તરફથી જવાબ આપે ત્યારે વિપક્ષે તેમને સાંભળવા પડશે. તેમના જણાવ્યા અનુસાર સરકાર વિદ્યાર્થી આંદોલનના મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે અને આ મામલે સરકારનું વલણ પહેલેથી જ સ્પષ્ટ છે. હવે ચર્ચા દરમિયાન વિપક્ષ કયા મુદ્દા ઉઠાવે છે અને સરકાર તેનો કેવો જવાબ આપે છે તેના પર સૌની નજર રહેશે. નોંધનીય છે કે, સંસદમાં ગયા અઠવાડિયાથી જ હોબાળો ચાલી રહ્યો છે. વિરોધપક્ષ સતત ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગને લઈને સંસદથી લઈને રસ્તા સુધી પ્રદર્શન કરી રહ્યો છે. લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પણ સતત ગૃહમંત્રીના નિવેદનની માંગ કરી રહ્યા છે. હવે સરકાર નિવેદન આપવા તૈયાર થઈ ગઈ છે.

૯ દિવસની ભૂખ હડતાળ પછી પણ દેવેન્દ્રનાથ મક્કમ

# રાંચીમાં યોજાયેલા વિધાનસભા માર્ચમાં દેવેન્દ્ર નાથ મહતોએ ભાગ લીધો

**દેવેન્દ્ર નાથ મહતોએ નવ દિવસથી ભૂખ હડતાળ પર હોવા છતાં, તેમણે એમ્બ્યુલન્સમાં કૂચ કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૧૦**

દિલ્હી પછી, ઝારખંડની રાજધાની રાંચીમાં વિદ્યાર્થી આંદોલન વધુ તીવ્ર બન્યું છે. સોમવારે, હજારો વિદ્યાર્થીઓએ જૂની વિધાનસભાથી નવી વિધાનસભા સુધી કૂચ કરી હતી. નોંધપાત્ર રીતે, નવ દિવસથી ભૂખ હડતાળ પર રહેલા વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોએ પણ વિધાનસભા ઘેરાવમાં ભાગ લીધો હતો.

માર્ચમાં ભાગ લેનારા મહતોએ બતાવેલી હિંમતનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે જંતર-મંતર વિરોધ દરમિયાન સંસદ માર્ચમાં ભાગ લઈ શક્યા ન હતા તેવા અભિજીત દિપકાએ કહ્યું હતું કે તેઓ તેમની ત્રણ દિવસની ભૂખ હડતાળને કારણે વિરોધીઓનું નેતૃત્વ કરી શક્યા ન હતા.

જેપીએસસી-જેએસએસસી પરીક્ષાઓમાં અનિયમિતતાઓનો વિરોધ કરવા માટે હજારો વિદ્યાર્થીઓએ વિધાનસભા તરફ કૂચ કરી હતી. જૂની વિધાનસભાથી આગળ વધતા વિદ્યાર્થીઓએ એક પછી એક પોલીસ દ્વારા ઉભા કરાયેલા અનેક બેરિકેડ પાર કર્યા. ત્યારબાદ, તેઓ શહીદ મેદાન નજીક રસ્તા પર બેસી ગયા. વિદ્યાર્થીઓને આગળ વધતા અટકાવતા, પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઝપાઝપી થઈ. જોકે, વિદ્યાર્થી સંગઠનોના સ્વયંસેવકોએ સતત ભીડને કાબૂમાં લેવા અને વિદ્યાર્થીઓને આગળ વધતા અટકાવવાનો પ્રયાસ કર્યો.

શરૂઆતમાં ચાર દિવસ સુધી પાણી પીવાથી દૂર રહેલા દેવેન્દ્ર નાથ મહતોએ વિધાનસભા કૂચ દરમિયાન વિરોધીઓને એકલા છોડ્યા નહીં.

નવ દિવસથી ભૂખ હડતાળ પર રહેલા દેવેન્દ્ર નાથ મહતો હાથમાં શિબુ સોરેનનો ફોટો લઈને કૂચ માટે નીકળ્યા. સ્ટેજથી થોડા ડગલાં ચાલ્યા પછી, મહતોને એમ્બ્યુલન્સમાં બેસાડવામાં આવ્યા. એમ્બ્યુલન્સમાં થોડે દૂર મુસાફરી કર્યા પછી, કેટલાક પ્રદર્શનકારીઓએ સ્ટ્રેચર પોતાના ખભા પર ઉંચક્યા અને દેવેન્દ્ર નાથ મહતોને આગળ લઈ ગયા. દેવેન્દ્ર નાથની હિંમત જોઈને, વિદ્યાર્થીઓ ઉત્સાહિત થઈ ગયા અને તેમના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા.

કૂચ દરમિયાન મીડિયા સાથે વાત કરતા, પ્રદર્શનકારી દેવેન્દ્ર નાથ મહતોએ કહ્યું કે, તેમને ભૂખ હડતાળ કરતાં પોલીસ દ્વારા લગાવવામાં આવેલા કાંટાળા તારથી વધુ પીડા થાય છે. તેમણે કહ્યું કે, સરકારે અરાજકતાને આમંત્રણ આપ્યું. હું હોસ્પિટલમાં દાખલ છું. હું નવ દિવસથી ભૂખ હડતાળ પર છું. હું એક સામાન્ય છોકરો છું, ભાત અને સૂકી રોટલી ખાઈ રહ્યો છું. મારા અંગત જીવનમાં કંઈ બદલાવાનું નથી. કાંટાળા તારની જાળી મને ભૂખ હડતાળ કરતાં વધુ દુઃખ આપે છે.

બેરીકેડના ત્રણ સ્તરો તોડી નાખવામાં આવ્યા છે. સરકાર અરાજકતા કેમ ઈચ્છે છે? સરકાર વિદ્યાર્થીઓની માંગણીઓ સાથે કેમ સંમત નથી થઈ રહી? હું બધા વિદ્યાર્થીઓ અને મીડિયાનો આભાર માનું છું જે પીડિત વિદ્યાર્થીઓનો અવાજ ઉઠાવી રહ્યા છે. સંયમ અને શિસ્ત જાળવો. આજે હેમંત સોરેનનો જન્મદિવસ છે, અને હું નહોતો ઈચ્છતો કે તેઓ એવું કંઈ કરે જેનાથી જંતર-મંતર જેવી ઘટના બને. વિદ્યાર્થીઓને ઈજાઓ થાય અને આંદોલન વધુ તીવ્ર બને. તેમને જન્મદિવસની ભેટ ન આપો જેનાથી રક્તપાત થાય.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## વડાપ્રધાન મોદીએ બોક્સર લવલીનાની કરી પ્રશંસા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે બોક્સર લવલીના બોરગોહેનની પ્રશંસા કરી હતી. જેણે ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન ગ્લાસગોના એક રેસ્ટોરન્ટમાં ભારતનો ખોટો નકશા બતાવવા સામે વાંધો ઉઠાવ્યો હતો. મોદીએ સ્કોટલેન્ડથી પરત ફરતા કોમનવેલ્થ ચેમ્પિયન સાથેની મુલાકાત દરમિયાન લવલીનાના આ પગલાની પ્રશંસા કરી હતી.

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે લવલીના બોરગોહેને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સિંગ ટીમ સાથે તેના પ્રભાવશાળી પ્રદર્શનની ઉજવણી કરવા માટે ગ્લાસગોના એક રેસ્ટોરન્ટમાં ડિનર માટે ગઈ હતી. કાર્યક્રમ દરમિયાન તેણીએ મેનુ પર ભારતનો નકશો જોયો જેમાં ઉત્તરપૂર્વ ભારતના ભાગોને બતાવવામાં આવ્યા હતા.

લવલીનાએ રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ સામે આને લઈને વાંધો ઉઠાવતા કહ્યું કે ભારતના નકશામાં ઉત્તરપૂર્વનો ભાગ દર્શાવવામાં આવ્યો નથી અને પૂર્વોત્તરમાંથી આવનારી વ્યક્તિ તરીકે આ જોઈને મને ખૂબ દુઃખ થયું હતું. તેણીએ રેસ્ટોરન્ટ મેનેજમેન્ટને કહ્યું હતું કે, ''આને ખોટું ના સમજો, પરંતુ આનાથી મને થોડું દુઃખ થાય છે. આપણો પૂર્વોત્તર હિસ્સો ભારતીય નકશામાંથી ગાયબ છે.'' બહાર પ્રદર્શિત નકશામાં પણ ઉત્તરપૂર્વનો ભાગ શામેલ નથી. ઉત્તરપૂર્વના હોવાથી આ આપણને ખૂબ જ દુઃખ પહોંચાડે છે.

આસામી બોક્સરે કહ્યું હતું કે, ''તે એક ખુશીનો પ્રસંગ હતો. અમે ઉજવણી કરી રહ્યા હતા અને મને દેશનો ખોટો નકશો જોવો ગમ્યો નહીં. મેં તેમને નમ્રતાથી કહ્યું હતું અને તેમણે તે બદલી નાખ્યો.''

વડાપ્રધાન મોદીએ તેમની પ્રશંસા કરતા કહ્યું કે તે સમજદારીભર્યું કામ હતું, ખાસ કરીને એવા સમયે જ્યારે તેઓ પોતાની જીતની ઉજવણી કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ''રમતોના સમાપન સમયે અને ઉજવણીઓ વચ્ચે તે નકશાના મહત્વને ઓળખવું. હું તમને સત્ય કહી શકું છું, તે વીડિયો સામાન્ય નહોતો. લોકો તેને લાંબા સમય સુધી યાદ રાખશે.''

લવલીનાના વાંધા બાદ આ મુદ્દો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો. ત્યારબાદ રેસ્ટોરન્ટે ભારતના ખોટા નકશા અંગે એક નિવેદન બહાર પાડ્યું અને સ્પષ્ટપણે માફી માંગી હતી.

રેસ્ટોરન્ટે જણાવ્યું હતું કે, ખોટા નકશાવાળા લોગોને બદલવામાં આવશે અને ભારતનો સાચો નકશો ઉપયોગમાં લેવામાં આવશે. રેસ્ટોરન્ટે એમ પણ કહ્યું હતું કે કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરનારી ભારતીય ટીમની યજમાની કરવી તેમના માટે સન્માનની વાત હતી. આ મુદ્દો પ્રકાશમાં આવ્યા પછી ગ્લાસગોમાં ભારતીય દૂતાવાસે પણ આ બાબતની નોંધ લીધી. દૂતાવાસે સંબંધિત રેસ્ટોરન્ટ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

## ઈંગ્લેન્ડના બેટરની વન-ડેમાં તોફાની બેટિંગ, ૩૭ બોલમાં ફટકાર્યા ૮૬ રન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૧૦ :** ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોબી અલ્બર્ટે એક અદ્ભુત કારનામો કરી બતાવ્યો છે. ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક ક્રિકેટની વનડે કપમાં સતત ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારીને તેણે સનસનાટી મચાવી દીધી છે અને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

ઈંગ્લેન્ડમાં હાલ રમાઈ રહેલી ડોમેસ્ટિક વનડે કપના એક લિસ્ટ-એ મેચમાં હેમ્પશાયર તરફથી રમતા ટોબી આલ્બર્ટ નામના બેટ્સમેને ૬ છગ્ગા જડીને તહલકો મચાવી દીધો. તેની આ તોફાની ઈનિંગ્સના જોરે હેમ્પશાયરની ટીમે ૯ વિકેટ ગુમાવીને ૩૮૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને બાદમાં આ મુકાબલો પણ સરળતાથી જીતી લીધો હતો. આ મેચ હોવ ખાતે હેમ્પશાયર અને સસેક્સ વચ્ચે રમાઈ હતી. ૨૦૨૨માં કેન્ટ સામે હેમ્પશાયરે ૩૯૬ રન બનાવ્યા હતા, જે તેનો સર્વોચ્ચ સ્કોર છે. આ રીતે ૩૮૩ રનનો સ્કોર આ ટીમનો લિસ્ટ-એ ક્રિકેટમાં બીજો સૌથી મોટો સ્કોર બની ગયો છે. બીજી તરફ, સસેક્સની ટીમે ચાર્લી ટિયરની ૧૧૧ રનની શાનદાર સદીની મદદથી લક્ષ્યનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ ૫૧ રનથી મેચ હારી ગયા હતા. આ ટુર્નામેન્ટમાં સસેક્સની આ ૭ મેચોમાં ૬ઠ્ઠી હાર હતી, જ્યારે ૪થી જીત સાથે હેમ્પશાયરની ટીમ નોકઆઉટની નજીક પહોંચી ગઈ છે.

અહીં ખાસ વાત એ છે કે આ ૬ છગ્ગા એક જ ઓવરમાં નહોતા વાગ્યા, પરંતુ બે અલગ-અલગ ઓવરમાં સતત ૬ બોલનો સામનો કરતા ટોબી આલ્બર્ટે આ સિદ્ધિ મેળવી હતી. તેણે સસેક્સના બોલર નેન્ટેસ ઓસ્ટહુઈઝનના છેલ્લા બે બોલ પર બે છગ્ગા માર્યા અને ત્યારબાદ ઓલી કર્ટલીની આગામી ઓવરના પ્રથમ ૪ બોલ પર વધુ ૪ છગ્ગા ફટકાર્યા હતા. એક સમયે હેમ્પશાયરનો સ્કોર વિના વિકેટે ૨૨૫ રન હતો, જેમાં ઓપનર અલી ઓર અને ૧૮ વર્ષીય બેન મેયસ બંને સદી ફટકારી ચૂક્યા હતા. ટીમનો સ્કોર ૨૦૦ રન હતો ત્યારે આલ્બર્ટે ક્રિઝ પર આવીને માત્ર ૩૭ બોલમાં ૮૬ રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં ૫ ચોગ્ગા અને ૮ છગ્ગા શામેલ હતા. જોકે, ૨૧ રનના અંગત સ્કોર પર તેનો એક કેચ પણ છૂટ્યો હતો. આ તોફાની ઈનિંગ્સ દરમિયાન તેણે સતત ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારવાનો વિરલ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

# ધૂત ટ્રાન્સમિશન લિમિટેડે ઈક્વિટી શેર દીઠ રૂ.૮૭૧ના અપર પ્રાઈઝ બેન્ડ પર ૭૨ એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ.૯૧૮.૨૭ કરોડ એકત્રિત કર્યા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૧૦**

ધૂત ટ્રાન્સમિશન લિમિટેડે ૭૨ એન્કર ઇન્વેસ્ટર્સને ૧,૦૫,૪૨,૬૫૭ ઈક્વિટી શેરની ફાળવણી કરી છે અને કંપનીના રૂ.૨ પ્રતિ શેરની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂ.૮૭૧ (જેમાં ઈક્વિટી શેર દીઠ રૂ.૮૬૯નું શેર પ્રિમિયમ સમાવિષ્ટ છે) ના અપર પ્રાઈઝ બેન્ડ પર કંપનીના સૂચિત આઈપીઓ પહેલાં રૂ.૯૧૮.૨૭ કરોડ એકત્રિત કર્યા છે.

એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવવામાં આવેલા કુલ ૧,૦૫,૪૨,૬૫૭ ઈક્વિટી શેરમાંથી ૬૪,૫૯,૯૮૪ ઈક્વિટી શેર એટલે કે એન્કર ઈન્વેસ્ટર્સને કરવામાં આવેલી કુલ ફાળવણીના ૬૧.૨૭ ટકા હિસ્સો, કુલ ૪૬ સ્કીમ્સ મારફતે ૮ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સને ફાળવવામાં આવ્યો છે.

૯,૨૧,૮૯૫ ઈક્વિટી શેર એટલે કે એન્કર ઈન્વેસ્ટર્સને કરવામાં આવેલી કુલ ફાળવણીનો ૮.૭૪ ટકા હિસ્સો, જીવન વીમા કંપનીઓ અને પેન્શન ફંડ્સને ફાળવવામાં આવ્યો છે.

એન્કર બુકમાં વિવિધ અગ્રણી રોકાણકારોએ ભાગ લીધો હતો. તેમાં એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, બ્લેકરોક, વ્હાઈટઓક, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ, મિરે, નિપ્પોન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ, ગવર્નમેન્ટ પેન્શન ફંડ, પિક્ટેટ, અમુંડી ફંડ્સ, આલિયાન્ઝ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ, ફ્રેન્કલિન ટેમ્પલટન મ્યુચ્યુઅલ ફંડ, ટાટા મ્યુચ્યુઅલ ફંડ, ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ, કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડ, યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ, એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડ, સુંદરમ મ્યુચ્યુઅલ ફંડ, એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ, એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સ, એક્સિસ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ, મોતીલાલ ઓસવાલ મ્યુચ્યુઅલ ફંડ, બંધન મ્યુચ્યુઅલ ફંડ, એડલવાઈઝ મ્યુચ્યુઅલ ફંડ અને 3P ઈન્ડિયા ઈક્વિટી ફંડ સહિતના અગ્રણી રોકાણકારોનો સમાવેશ થાય છે.

ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ રૂ.૨ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેરનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાનો પ્રસ્તાવ ધરાવે છે. બિડ/ઓફર માટેની અંતિમ તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી ગળે ટૂંપો દઇ ગર્લફ્રેન્ડની હત્યા કરી અને જમર્ની ભાગી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

અમેરિકાના એરિઝોનાથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૧૯ વર્ષીય ગર્લફ્રેન્ડની હત્યા કરીને વિદેશ ભાગી જવાનો પ્રયાસ કરનાર ૨૦ વર્ષીય ભારતીય યુવકની જર્મનીથી ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વરુણ બાચીગારી નામના આ ભારતીય નાગરિક પર તેની ગર્લફ્રેન્ડ અને કોલેજ સ્ટુડન્ટ જુલિસા રૂબી સાલાઝારનું ગળું દબાવીને હત્યા કરવાનો આક્ષેપ છે. જુલિસા ગુરુવારે ટક્સનમાં યુનિવર્સિટી ઓફ એરિઝોના પાસે આવેલા પોતાના એપાર્ટમેન્ટમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. જુલિસાના પરિવારે ફરિયાદ કરતા જ્યારે પોલીસે એપાર્ટમેન્ટમાં પહોંચીને તપાસ કરી, ત્યારે તે અચેત અવસ્થામાં મળી આવી હતી અને તેના શરીર પર ઈજાના નિશાન પણ હતા. તપાસકર્તાઓએ વરુણની મુખ્ય શંકાસ્પદ તરીકે ઓળખ કરી હતી. એવું પણ સામે આવ્યું છે કે હત્યા બાદ આરોપીએ જુલિસાનો ફોન તથા ક્રેડિટ કાર્ડ પણ લઈ લીધા હતા અને તેની માતાને મેસેજ કર્યા હતા. ગર્લફ્રેન્ડની હત્યા કર્યા બાદ વરુણ ટક્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યો હતો અને ત્યાંથી હ્યુસ્ટનની ફ્લાઈટ પકડી હતી. ત્યારબાદ હ્યુસ્ટનથી તે જર્મનીના બર્લિન માટે રવાના થયો હતો. એરિઝોના પોલીસ અને સંઘીય એજન્સીઓએ તેને સતત ટ્રેક કરીને ધરપકડ માટેનું વોરન્ટ ઈશ્યૂ કરાવ્યું હતું. જેથી વરુણ બર્લિન પહોંચ્યો કે તરત જ તેને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ, તે જર્મની થઈને ભારત ભાગી જવાની ફિરાકમાં હતો. હવે તેને એરિઝોના લાવીને પિમા કાઉન્ટી અડલ્ટ ડિટેન્શનમાં રાખવામાં આવશે, જ્યાં તેના પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો કેસ ચાલશે. રિપોર્ટ્સ અનુસાર, જુલિસા વરુણ દ્વારા થતા શારીરિક અને યૌન શોષણથી કંટાળી ગઈ હતી અને તેની સાથે સંબંધ પૂરો કરવાનું વિચારી રહી હતી. ૫ ઓગસ્ટે જુલિસાના રૂમમાંથી જોરથી બૂમો પાડવાનો અવાજ પણ આવ્યો હતો.

વરુણ એરિઝોના યુનિવર્સિટીમાં બિઝનેસ એનાલિટિક્સનો અભ્યાસ કરતો હતો, પરંતુ અગાઉ મારામારીના કારણે તેને યુનિવર્સિટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. તેના પર ઘરેલુ હિંસાના આરોપો પણ હતા અને મે મહિનાનો એક કેસ કોર્ટમાં પેન્ડિંગ હતો. તાજેતરમાં જ વરુણની નોકરી પણ છૂટી ગઈ હતી, જેના કારણે તેને ભાડું ચૂકવવામાં તકલીફ પડી રહી હતી અને તેનો ઈમિગ્રેશન સ્ટેટસ પણ ખતરામાં હતો. જોકે, આ જ કારણોસર તેણે હત્યા કરી કે કેમ, તે અંગે પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

# સાઉદી અરબમાં સોફા ફેક્ટરીમાં ભીષણ આગ: ૧૬ બાંગ્લાદેશી શ્રમિકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**રિયાધ, તા.૧૦**

સાઉદી અરબમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. સાઉદી અરબના રિયાધ સ્થિત મૂસા સનૈયા વિસ્તારમાં એક સોફા ફેક્ટરીમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ભીષણ આગમાં ૧૬ બાંગ્લાદેશી શ્રમિકોના કરુણ મોત નિપજ્યા છે. સોમવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આ ઘટનાની પુષ્ટિ કરતા મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડો શોક અને સંવેદના વ્યક્ત કરી છે.

મંત્રાલયે રવિવારે બનેલી આ ઘટના અંગે એક સત્તાવાર નિવેદન જારી કરીને પોતાની સંવેદના વ્યક્ત કરી છે. આ સાથે જ નુકસાનની આ મુશ્કેલ ઘડીમાં મૃતકોના પરિવારોને સંપૂર્ણ સહયોગ અને એકજૂથતાનું આશ્વાસન આપ્યું છે. તેમાં વધુમાં કહ્યું કે, તેમણે મૃતકોના શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે પોતાની ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરી અને આ ભરપાઈ ન થઈ શકે તેવી ક્ષતિ તેમજ દુઃખની ઘડીમાં તેમની સાથે અડીખમ ઊભા રહેવાની ખાતરી આપી.

રિપોર્ટ્સ પ્રમાણે આ આગ સ્થાનિક સમય પ્રમાણે રવિવારે બપોરે આશરે ૩:૩૦ વાગ્યે રિયાધના ખોરદમ શહેરમાં આવેલી સોફા ફેક્ટરીમાં લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને સમગ્ર ફેક્ટરીને પોતાની લપેટમાં લઈ લીધી હતી.

મંત્રાલયે જણાવ્યું કે ઘટનાની જાણ થતાં જ રિયાધ સ્થિત બાંગ્લાદેશી દૂતાવાસના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેઓ પીડિતોની ઓળખ કરવા અને મૃતદેહોને સ્વદેશ મોકલવાની જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે સાઉદી અધિકારીઓ સાથે સતત સંકલન કરી રહ્યા છે. દૂતાવાસ આ ઘટના અંગે વિગતવાર માહિતી મેળવવા અને અસરગ્રસ્તોને સહાય પૂરી પાડવાનું પણ કામ કરી રહ્યું છે.

### ઓનલાઈન ગેમિંગની કમાલ!

# માત્ર ૨૨ વર્ષની ઉંમરમાં ૧૪ હજાર કરોડની માલિક બની યુવતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દક્ષિણ કોરિયા, તા.૧૦**

ઓનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રી ઝડપથી વધી રહી છે, પરંતુ દક્ષિણ કોરિયાની કિમ જંગ યુન માત્ર ૨૨ વર્ષની ઉંમરે ૧.૭ અબજ ડોલર (આશરે રૂ.૧૪,૦૦૦ કરોડ)ની નેટવર્થ સાથે વિશ્વની સૌથી નાની વયની મહિલા ટેક અબજોપતિ બની ગઈ છે. ફોર્બ્સ (Forbes 2026 Billionaires List)ની યાદીમાં તેનું નામ સૌથી ઉપર છે.

કિમ જંગ યુનની સંપત્તિ કોઈ સ્ટાર્ટઅપ શરૂ કરવાથી નથી આવી, પરંતુ તેમના પિતા કિમ જંગ જૂ (Kim Jung-ju) દ્વારા સ્થાપિત ગેમિંગ કંપની Nexon માંથી મળેલી હિસ્સેદારીને કારણે છે. Nexonની શરૂઆત: કિમ જંગ જૂએ ૧૯૯૪માં નેક્સનની શરૂઆત કરી હતી, જેણે MapleStory, KartRider અને Dungeon & Fighter જેવી વિશ્વપ્રસિદ્ધ ઓનલાઈન ગેમ્સ બનાવી.

Free-to-Play મોડેલ: નેક્સન કંપની ઓનલાઈન ગેમિંગના ફ્રી-ટુ-પ્લે મોડેલની શરૂઆતી અગ્રણી કંપનીઓમાંથી એક રહી છે. હાલ આ કંપની ૮૦ થી વધુ લાઈવ ગેમ્સ ચલાવે છે, અને ૭૨ થી વધુ દેશોમાં તેના યુઝર્સ છે. વર્ષ ૨૦૨૨ માં ૫૪ વર્ષની વયે પિતાના નિધન બાદ કિમ જંગ યુન અને તેની બહેન કિમ જંગ મિનને નેક્સનની મુખ્ય હોલ્ડિંગ કંપની દ્વઠઝમાં મોટી હિસ્સેદારી મળી હતી. કિમ જંગ યુન પાસે NXCમાં આશરે ૯% હિસ્સેદારી છે. નોંધનીય છે કે, કિમ જંગ યુન કંપનીના રોજિંદા કામકાજ કે ઓપરેશન્સમાં સામેલ નથી. તે ૨૦૨૨માં માત્ર ૧૮ વર્ષની ઉંમરે પણ પિતા તરફથી મળેલી સંપત્તિના કારણે વિશ્વની સૌથી નાની વયની અબજોપતિ બની હતી.

### હિન્દુ કર્મીઓ ઘાટી છોડી જમ્મુ જશે તો પણ નહીં છોડીએ : આતંકીઓ

# કાશ્મીરી હિન્દુ કર્મચારીઓ પર હુમલાની આતંકીઓની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૧૦**

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ ફરી ટાર્ગેટ કિલિંગ કરવા લાગ્યા છે. અગાઉ એક બિનકાશ્મીરી મજૂરની હત્યા કરી હતી, હવે કાશ્મીરી હિન્દુઓ પર હુમલાની ધમકી આપવામાં આવી છે. લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા આતંકી સંગઠને આ ધમકી આપી છે. જેને પગલે પોલીસ સહિતનું સુરક્ષાતંત્ર એલર્ટ થઇ ગયું છે.

જમ્મુ-કાશ્મીરમાં લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા એક આતંકી સંગઠન યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલે એક ધમકીભર્યો પત્ર જાહેર કર્યો છે. જેમાં કાશ્મીરી હિન્દુઓ પર હુમલા કરવાની ધમકી આપવામાં આવી છે. ખાસ કરીને કાશ્મીરી હિન્દુ કર્મચારીઓને નિશાન બનાવવાની વાત આ પત્રમાં કરવામાં આવી છે.

આતંકી સંગઠને માત્ર કાશ્મીર જ નહીં જમ્મુમાં પણ હુમલાની ચેતવણી આપી છે. જે બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઇ ગઇ છે અને આ પત્રની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

સંગઠને એવી ધમકી આપી છે કે, જો કાશ્મીરી હિન્દુ કર્મચારીઓ ઘાટી છોડીને જમ્મુમાં જશે તો પણ તેઓ સુરક્ષીત નહીં રહી શકે અમે ત્યાં પણ હુમલા કરીશું. સંગઠને કાશ્મીરી પંડિત કર્મચારીઓને અપાઇ રહેલી સરકારી સુવિધાનો પણ વિરોધ કર્યો હતો. બીજી તરફ પાકિસ્તાનના ઈસ્લામાબાદની એક મસ્જિદમાં આતંકી સંગઠન લશ્કર-એ-તોયબાના એક સીનિયર કમાન્ડર સઈદ અબ્દુલ અઝીઝનું મોત નિપજ્યું છે. તેણે એક અજાણી રોસ્ટોરન્ટમાં ભોજન લીધુ હતું જે બાદ મસ્જિદ પહોંચ્યો અને મોત નિપજ્યું હતું.

અજાણ્યા લોકો દ્વારા આતંકીઓની હત્યા થઇ રહી છે. એવામાં તોયબાના એક મોટા ઓપરેટિવે દાવો કર્યો છે કે અજાણ્યા લોકો પાકિસ્તાનની અંદર આતંકી સંગઠનના આશરે ૩૦ સભ્યોની હત્યા કરી ચુક્યા છે. ૨૦૦૮માં મુંબઇ પર હુમલો કરવામાં સામેલ આતંકીઓ શંકાસ્પદ હાલતમાં મૃત્યુ પામી રહ્યા છે.

# ચાંચિયાઓનો ભારતીય જહાજ પર હુમલો, કેપ્ટને તમામ ક્રૂને બચાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

અદનની ખાડીમાં ચાંચિયાઓએ એક ભારતીય જહાજને ઘેરી લીધુ હતું, જેને પગલે થોડા સમય માટે ક્રૂ, કેપ્ટન સહિતનાનો જીવ જોખમમાં મુકાયો હતો. જોકે જહાજના કેપ્ટને પોતાની સમજદારીથી તમામ લોકોનો જીવ બચાવ્યો સાથે જ જહાજને ચાંચિયાઓના હાથમાં જતું અટકાવ્યું હતું એટલુ જ નહીં ચાંચિયાઓ કેપ્ટન, ક્રૂને બંધક નહોતા બનાવી શક્યા.

૧ જુલાઇના રોજ અદનની ખાડીમાં ભારત આવી રહેલા એક જહાજ (બલ્ક કેરિયર) પર સમુદ્રી લુંટારા ચાંચિયાઓએ હુમલાનો પ્રયાસ કર્યો હતો, આ ખતરાને જોઇને કેપ્ટને જહાજના તમામ ક્રૂ સભ્યોને તુરંત જ જહાજમાં જ આવેલા એક સુરક્ષિત રૂમમાં બંધ કરી લીધા હતા. સાથે જ ભારતીય નેવીને આ હુમલાની જાણ કરી દેવામાં આવી હતી.

ભારતીય નેવી જહાજ સુધી પહોંચે ત્યાં સુધી કેપ્ટને પોતાને અને જહાજના ક્રૂને આ રૂમમાં જ સુરક્ષિત બંધ રાખ્યા હતા. આ વિશેષ રૂમને સિટાડેલ તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં પાણી, ભોજન સહિતની વ્યવસ્થા હોય છે. આ રૂમને ખાસ કેપ્ટન અને ક્રૂની સુરક્ષા માટે જ તૈયાર કરવામાં આવ્યો હોય છે. ચાંચિયાઓ જહાજ સુધી પહોંચી ગયા હતા અને આ સુરક્ષિત રૂમને તોડવા પ્રયાસ કર્યો હતો જોકે સફળ નહોતા રહ્યા જેને પગલે અંતે જહાજ છોડીને ભાગી ગયા હતા.

આ ઘટના અંગે આ સપ્તાહે જ નેશનલ પોર્ટ સિક્યુરિટી કોન્ફરંસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેમાં એ પણ ખુલાસો કરાયો છે કે હાલમાં સોમાલીયાના ચાંચિયાઓના કબજામાં ચાર જહાજો છે જેમાંથી ત્રણ જહાજો પર ભારતીય ક્રૂ છે. આ ત્રણમાંથી એક જહાજ પર એક ભારતીય નાવિક છે, જ્યારે બાકીના બે જહાજો પર પાંચ અને ૧૧ ક્રૂ સભ્યો છે. તેમને છોડાવવા પ્રયાસ થઇ રહ્યો છે.




### આ કથાઓ આપણા લોહીમાં છે

# "વિશ્વ સમક્ષ ભારતની ઓળખ રજૂ કરવા માટે આ શ્રેષ્ઠ કથા છે" : કાજલ





## તાજેતરમાં મને હિન્દી ફિલ્મોમાં ઘણી નવી તકો મળી રહી છે અને તેના માટે હું ખુબ જ આભારી છું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ડિરેક્ટર નિતેશ તિવારીની મેગા બજેટ ફિલ્મ 'રામાયણઃ પાર્ટ ૧'ના ટ્રેલરે દર્શકોમાં ભારે ચર્ચા જગાવી છે. અંદાજે ૪,૦૦૦ કરોડના બજેટમાં બની રહેલી આ ફિલ્મને નિર્માતાઓ માત્ર ભારત પૂરતી નહીં પરંતુ વૈશ્વિક સ્તરે રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. ત્યારે ફિલ્મમાં મંદોદરીની ભૂમિકા ભજવી રહેલી અભિનેત્રી કાજલ અગ્રવાલ માને છે કે, 'રામાયણ' જેવી કથા સમગ્ર વિશ્વ સુધી પહોંચાડવાનો આ યોગ્ય સમય છે.

ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર રજૂ કરવાની વાત કરતાં કાજલે કહ્યું, "મને ખરેખર લાગે છે કે હવે સમય આવી ગયો છે કે, આપણે આપણી સુપરહીરો જેવી કથાઓ દુનિયાને કહેવી જોઈએ. ભગવાન રામ, લક્ષ્મણ, હનુમાનજી અને અન્ય મહાન પાત્રોની વાર્તાઓ સાથે આપણે બાળપણથી જ ઉછર્યા છીએ. આ કથાઓ આપણા લોહીમાં છે, આપણા દરેક શ્વાસમાં વસે છે અને આપણે તેને દિલથી પ્રેમ કરીએ છીએ." તેણે વધુમાં ઉમેર્યું, "ભારતીય સિનેમાને વૈશ્વિક ઓળખ અપાવવાનો આ ઉત્તમ સમય છે અને તેના માટે ભગવાન રામથી વધુ યોગ્ય કથા બીજી કોઈ હોઈ શકે નહીં. મને લાગે છે કે આપણા દેશની ઓળખ વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે આ શ્રેષ્ઠ વાર્તા છે. ભગવાન રામ 'મર્યાદા પુરુષોત્તમ' છે અને તેમના કરતાં વધુ મહાન નાયક કોઈ નથી. રણબીર કપૂર તેમને પડદા પર ભજવી રહ્યા છે, જે એક ઉત્તમ પસંદગી છે."

કેટલાક સમયથી હિન્દી ફિલ્મોથી દૂર રહેલી કાજલ અગ્રવાલ હવે ફરી બોલિવૂડમાં મળતી તકોથી ખુશ છે. તાજેતરમાં તેની ફિલ્મ 'ધ ઈન્ડિયા સ્ટોરી' રિલીઝ થઈ હતી અને હવે તે 'રામાયણ'માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ અંગે તેમણે કહ્યું, "તાજેતરમાં મને હિન્દી ફિલ્મોમાં ઘણી નવી તકો મળી રહી છે અને તેના માટે હું ખુબ જ આભારી છું."

કાજલે જણાવ્યું કે, 'રામાયણ' તેનાં માટે માત્ર એક ફિલ્મ નથી પરંતુ વ્યક્તિગત રીતે પણ ખૂબ જ ખાસ છે, કારણ કે આ તેના દિકરાની આ સૌથી પ્રિય વાર્તા છે. તેમણે કહ્યું, "એક અભિનેત્રી તરીકે 'રામાયણ' જેવા ભવ્ય પ્રોજેક્ટનો ભાગ બનવું મારા માટે અત્યંત સંતોષકારક છે. આટલી પ્રતિભાશાળી સ્ટારકાસ્ટ અને શ્રેષ્ઠ નિર્માતાઓ સાથે કામ કરવાનો અદ્દભુત અનુભવ મળી રહ્યો છે. સેટ પર જે ભવ્યતા જોવા મળે છે તે જીવનમાં એક જ વખત મળતી તક સમાન છે. હું આ તક માટે ખુબ જ આભારી છું અને આશા રાખું છું કે આ સારો સમય આગળ પણ ચાલુ રહેશે."

# હવે દરરોજ સવારે ઊઠીને મને ગમતું કામ કરવાની તક મળે છે : બાબિલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઈરફાન ખાનનો દિકરો અને એક્ટર બાબિલ ખાન હાલ પોતાની કારકિર્દીના સૌથી વ્યસ્ત અને મહત્વના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. તાજેતરમાં તેણે ફિલ્મ 'દાર્જિલિંગ'નું શૂટિંગ પૂરું કર્યું છે. હાલમાં તે એક નવી ઓટીટી સિરીઝના શૂટિંગમાં વ્યસ્ત છે અને સાથે જ પોતાની દક્ષિણ ભારતીય ફિલ્મોમાં ડેબ્યૂ કરવાની તૈયારી પણ કરી રહ્યો છે. પોતાની અલગ પ્રકારની અને અભિનયપ્રધાન ભૂમિકાઓ માટે જાણીતા બાબિલ ખાને અત્યાર સુધી વાર્તાને કેન્દ્રમાં રાખતી ફિલ્મો પસંદ કરી છે. તેના નવા પ્રોજેક્ટ્સની યાદી પણ તેને નવી પેઢીના પ્રતિભાશાળી અભિનેતાઓમાં વધુ મજબૂત સ્થાન અપાવી રહી છે.

પોતાની વ્યસ્ત કારકિર્દી વિશે વાત કરતા બાબિલ ખાને કહ્યું, "હું ખુબ જ આભારી છું કે આજે હું એવા તબક્કે છું, જ્યાં દરરોજ સવારે ઊઠીને મને ખરેખર ગમતું કામ કરવાની તક મળે છે. હું જે પણ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું, તે એકબીજાથી સંપૂર્ણપણે અલગ છે અને એક અભિનેતા તરીકે મને સૌથી વધુ એ જ બાબત ઉત્સાહિત કરે છે."

તેણે વધુમાં જણાવ્યું, "'દાર્જિલિંગ' હોય, ઓટીટી સિરીઝ હોય કે પછી મારી દક્ષિણ ભારતીય ફિલ્મોમાં ડેબ્યૂ, દરેક પ્રોજેક્ટ મને નવી લાગણીઓ અને નવા દૃષ્ટિકોણ શોધવા માટે પ્રેરિત કરી રહ્યા છે. આ સમય ચોક્કસપણે ઘણો વ્યસ્ત છે, પરંતુ મારી અત્યાર સુધીની સફરના સૌથી સંતોષકારક તબક્કાઓમાંનો એક પણ છે. હું દરરોજ કંઈક નવું શીખી રહ્યો છું અને આનાથી વધુ હું કંઈ માગી શકું તેમ નથી."

ફિલ્મ 'દાર્જિલિંગ'નું શૂટિંગ પૂરું થયાં બાદ હાલમાં તેનું પોસ્ટ-પ્રોડક્શન ચાલી રહ્યું છે. બીજી તરફ બાબિલ હવે પોતાની આગામી ઓટીટી સિરીઝમાં એક અલગ જ પ્રકારના પાત્રમાં જોવા મળશે.

### નિખિલ નાગેશ ભટ્ટના હોલિવૂડ ડેબ્યૂથી

# સની દેઓલની 'પરશુરામ' અનિશ્ચિત સમય માટે મુલતવી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફિલ્મ 'કિલ'થી જેના કામની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે એવા ડિરેક્ટર નિખિલ નાગેશ ભટ્ટ હવે હોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. તેઓ ઓસ્કાર વિજેતા અભિનેતા જેમી ફોક્સની એક્શન થ્રિલર 'ડેડલૉક્ડ' ડિરેક્ટ કરશે. આ સાથે જ તેમના આગામી હિન્દી પ્રોજેક્ટ 'પરશુરામ'ને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે.

આ અંગેના અહેવાલ મુજબ, એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત 'ડેડલૉક્ડ'નું વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્રાઈમ વિડિયો પર થશે. ફિલ્મની વાર્તા એક ભૂતપૂર્વ મરીન અધિકારીની છે, જે જ્યુરી ડ્યુટી દરમિયાન કોર્ટરૂમમાં સર્જાયેલા બંધક સંકટ વચ્ચે ફરી એકવાર એક્શનમાં ઉતરવા મજબુર બને છે. ફિલ્મની પટકથા એરિક સ્કોટ એન્ડરસન અને મેટ તાકેજિરો બોસેકે લખી છે, જ્યારે નિર્માતાઓમાં બ્રાયન કાવાનોફ-જોન્સ, ફ્રેડ બર્ગર, ડેવ કેપલાન અને જેમી ફોક્સનો સમાવેશ થાય છે.

નિખિલ નાગેશ ભટ્ટને ફિલ્મ 'કિલ'થી વૈશ્વિક ઓળખ મળી હતી. ફિલ્મનું પ્રીમિયર ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું અને બાદમાં લાયન્સગેટે તેના વૈશ્વિક વિતરણ અધિકારો ખરીદ્યા હતા. લક્ષ્ય અને રાઘવ જુયાલની આ ફિલ્મને ભારતની સૌથી હિંસક ફિલ્મોમાંની એક ગણાવવામાં આવી હતી અને તેણે બોક્સ ઓફિસ પર ૪૭ કરોડથી વધુની કમાણી કરી હતી.

હોલિવૂડ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપતા નિખિલ નાગેશ ભટ્ટ હવે સની દેઓલ અભિનીત એક્શન થ્રિલર 'પરશુરામ'નું દિગ્દર્શન હાલ નહીં કરી શકે. અગાઉ ઓક્ટોબર ૨૦૨૬માં શરૂ થનારી ફિલ્મ હવે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી છે. આ અંગેના અહેવાલ મુજબ, નિર્માતા મધુ મન્ટેના અને માયથ્રી મુવી મેકર્સ હવે બે વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે—નિખિલ નાગેશ ભટ્ટને સમય મળે તેની રાહ જોવી અથવા નવા દિગ્દર્શકની નિમણૂક કરીને ફિલ્મ શરૂ કરવી. આ દરમિયાન 'જાટ ૨'ને ઝડપથી આગળ વધારવાની ચર્ચા પણ ચાલી રહી છે, જોકે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

સની દેઓલ ટૂંક સમયમાં 'લાહોર ૧૯૪૭', 'ગબરુ', નિતેશ તિવારીની 'રામાયણ'માં ભગવાન હનુમાનની ભૂમિકા તેમજ 'એન્ટોની' જેવી ફિલ્મોમાં જોવા મળશે. નિખિલ નાગેશ ભટ્ટ માટે 'ડેડલૉક્ડ' માત્ર હોલિવૂડ ડેબ્યુ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કારકિર્દીનું મહત્વપૂર્ણ પગલું પણ સાબિત થઈ શકે છે.

### ગીતકાર જાવેદ અખ્તરે "બોર્ડર" માટે ગીતો લખ્યાં હતાં

# 'સંદેશે આતેં હૈં...' બોર્ડરના આ દેશભક્તિના ગીતે ઈતિહાસ રચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આજે પણ ઓગસ્ટ મહિનો શરૂ થાય અને ક્રાન્તિના દિવસોની સ્મૃતિઓનો માહોલ સર્જવા લાગે ત્યારે સૌ કોઈ દેશભક્તોના માનસપટલ પર દેશભક્તિનાં ગીતોનો ગુંજારવ થવા લાગતો હોય છે. ભારતીય ફિલ્મ સંગીતે દેશભક્તિનાં સંખ્યાબંધ અસરકારક ગીતોની ભેટ ધરી છે. થોડાં વર્ષ પહેલાં આવેલી 'બોર્ડર' ફિલ્મે એની વાર્તા, સમગ્ર ફિલ્માંકન, એના કલાકારોનો અભિનય તેમજ તેનાં ગીત-સંગીતને કારણે લોકો પર અમીટ છાપ છોડેલી છે. રાજસ્થાનની ગૂજરાંવાલા બોર્ડર પર બનેલી ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધ સમયની સત્યઘટના પર આધારિત આ ફિલ્મ આજે પણ નિહાળવી ગમે એવી છે. એનું સમગ્ર પ્રેઝન્ટેશન રોમાંચક છે. તેનાં બધાં ગીતો સુપરહિટ થયાં છે. તેમાં શિરમોર ગીત છે... "સંદેશે આતેં હૈં..." આજે પણ આ ગીત વાગતું હોય કે એની ટ્યુન પણ સાંભળવા મળે તો સૌ કોઈ રોમાંચિત થઈ ઊઠે છે.

આ ગીત જેણે ઈતિહાસ રચ્યો... ભારતીય સૈનિકોની લાગણીઓને જીવંત કરી... ગાયકને રેકોર્ડિંગ કરતી વખતે આંસુઓ લાવી દીધાં... તેને ફિલ્મ નિર્માણ દરમિયાન શરૂઆતમાં નકારી કાઢવામાં આવ્યું હતું. તે ૯ મિનિટ લાંબુ હોવાથી હિટ થવાની શક્યતા ઓછી હોવાનું અને દર્શકોને કંટાળો લાવે એવું અનુમાન એ વખતે થયું હતું. પરંતુ હકીકત જુદી જ સર્જાઈ. "સંદેશે આતેં હૈં..." હિટ નહીં, સુપર હિટ થયું.

ગીત જાવેદ અખ્તર દ્વારા લખાયેલું, અનુ મલિક દ્વારા સંગીતબદ્ધ કરાયેલું અને સોનુ નિગમ તથા રૂપ કુમાર રાઠોડ દ્વારા ગવાયું હતું એને સંખ્યાબંધ પુરસ્કારો મળ્યા. હિન્દી ફિલ્મોના યશસ્વી નિર્માતા-નિર્દેશક જેપી દત્તાએ "બોર્ડર" બનાવી હતી. તેમને આ ફિલ્મની પ્રેરણા તેમના ભાઈ અનેસ્ક્વોડ્રન લીડર દીપક દત્તા પાસેથી મળી હતી, જે લોંગેવાલાના યુદ્ધનો ભાગ હતા. "બોર્ડર" નું આ ગીત જેપી દત્તાની માતાને કારણે બનાવવામાં આવ્યું હતું, જે દરરોજ તેમના પુત્ર (દીપક)ના પાછા ફરવાની આશા રાખતી હતી.

જેપી દત્તાની પુત્રી નિધિ દત્તાએ એકવાર કહ્યું હતું કે, તેમની દાદી રેડિયો પાસે આંગળીઓ ઓળંગીને બેસતી હતી, એવી આશામાં કે શહીદોના નામ જાહેર થાય ત્યારે દીપકનું નામ યાદીમાં ન હોય. બોર્ડર ૨ ના એક કાર્યક્રમમાં, નિધિ દત્તાએ કહ્યું, "રેડિયો પરથી દીપક દત્તાનું નામ લેવામાં આવતું ન હતું, ત્યારે દાદી મારા પિતાને કહેતી, 'મારો દીકરો ઘરે આવશે."

નિધિએ સમજાવ્યું કે, તેની દાદી દરરોજ તેના પિતા જેપીને આ વાત કહેતી. મારા પિતાને આ ઘટના યાદ હતી. એકવાર તેમણે જાવેદ સાહેબને તેના વિશે કહ્યું અને એક માતાની વેદના પર આધારિત આ ગીત બન્યું."

'સંદેશે આતે હૈં...' ગીતને સંગીતકાર અનુ મલિકે કમ્પોઝ કર્યું છે. જો કે બહુ ઓછા લોકો જાણે છે કે તેમણે આ ધૂન બીજા એક ફિલ્મ માટે તૈયાર કરી હતી, જેને જે નકારવામાં આવ્યું હતું. હવે જ્યારે 'બોર્ડર' માટે 'સંદેશે આતે હૈં...' ની રચના થઈ રહી હતી તે સમયે જાવેદ અખ્તર પણ હાજર હતા. તેમણે અનુ મલિકને તેમના પેલા જૂના ગીતની યાદ અપાવી અને પછી તો એ ગીતને સજાવવામાં આવ્યું ને એ હિટ થઇ ગયું. ગીતકાર જાવેદ અખ્તરે "બોર્ડર" માટે ગીતો લખ્યાં હતાં, જેના માટે તેમને રાષ્ટ્રીય પુરસ્કારથી પણ સન્માનિત કરાયા હતા. ગીત કમ્પોઝ કરતી વખતે, તેમણે ૧૧ થી ૧૫ પાનાનાં ગીતો લખ્યા હતા. જ્યારે તેઓ અનુ મલિકને ગીતો બતાવવા ગયા, ત્યારે તેમને તે ગીતના શબ્દોપસંદ પડી ગયા.

# વાપી આર.કે. દેસાઈ કોલેજના પ્રાધ્યાપકોએ માનવતા મહેકાવીઃ નાનાપોંઢા વિસ્તારમાં પૂરગ્રસ્તોને રાહત સામગ્રી આપી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

વલસાડ જિલ્લામાં તાજેતરમાં ત્રાટકેલા ભારેથી અતિભારે વરસાદના કારણે અંતરિયાળ તથા નદીકાંઠાના વિસ્તારોમાં સર્વત્ર હાકાકાર મચી ગયો હતો. અચાનક આડેધડ આવેલા પાણીએ અનેક આદિવાસી પરિવારોના હસતા-ખેલતા સંસારને પળભરમાં વેરવિખેર કરી નાખ્યો હતો. વર્ષોની મહેનતથી ઊભી કરેલી ઘરવખરી, અનાજની એક-એક કણ અને માસૂમ બાળકોના પુસ્તકો નજર સમક્ષ પાણીમાં તણાઈ જતાં અનેક પરિવારો ખુલ્લા આકાશે નિરાધાર બનીને બેસી ગયા હતા. આવા અત્યંત કપરા, પીડાદાયક અને હૃદયદ્રાવક સમયમાં, પીડિતોની મૌન વેદનાને ઓળખીને આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીના સંવેદનશીલ અધ્યાપકો તેમની મદદે દોડી આવ્યા હતા. પૂરગ્રસ્તોના આંસુ લૂછવા અને તેમના ભાંગી ગયેલા મનોબળને મજબૂત કરવા બી.એડ. કોલેજના અધ્યાપકો દ્વારા એક વિશેષ માનવતાવાદી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કરુણાભર્યા સેવાકાર્ય અંતર્ગત ડૉ.વિમુખ પટેલ, ડૉ.વૈશાલી દેસાઈ, ડૉ.સારિકા પટેલ, પ્રા.પિયુષ પટેલ અને ડૉ.જયંતીલાલ બારીસ પોતાની ટીમ સાથે વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના સુખાલા અને ધોધડકુવા ગામના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે પૂરથી સર્વસ્વ ગુમાવી ચૂકેલા પરિવારોને રૂબરૂ મળીને માત્ર સાંત્વના જ ન આપી, પરંતુ તેમને ઉપયોગી રાહત અનાજ કીટ તથા શૈક્ષણિક કીટનું વિતરણ પણ કર્યું હતું. જ્યારે માતા-પિતા પૂરના કારણે પોતાના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય અંધકારમય બનતું જોઈને લાચાર બન્યા હતા, ત્યારે આ તમામ સંવેદનશીલ અધ્યાપકોએ બાળકોના હાથમાં નોટબુક અને શૈક્ષણિક સાધનસામગ્રી મૂકીને હૂંફ આપી હતી કે, ''તમે એકલા નથી, તમારું ભવિષ્ય સુરક્ષિત છે અને અમે તમારી સાથે છીએ.'' અન્નદાનની સાથે આ શૈક્ષણિક સહયોગે પૂરગ્રસ્ત પરિવારોના હૃદયમાં જીવવાની એક નવી આશા અને અદભુત હૂંફ જગાવી હતી.

આ શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પરંતુ સંસ્કાર અને માનવતાના પાઠ શીખવે છે સાથે જન સેવા એજ પ્રભુ સેવા વાતને સાર્થક કરતા સંસ્થાના આચાર્ય ડૉ.પ્રીતિ ચૌહાણ દ્વારા આ તમામ અધ્યાપકોના આ ઉમદા અને હૃદયસ્પર્શી કાર્યને ગર્વ સાથે બિરદાવવામાં આવ્યું હતું. તેમણે ભાવુક થઈને જણાવ્યું હતું કે, ''સાચી કેળવણી તે જ છે જે સંકટના સમયે બીજાના આંસુ લૂછી શકે. આ પાંચેય સહભાગી અધ્યાપકોએ કરેલું આ કાર્ય સમાજમાં કરુણા, સંવેદના અને માનવતાની ભાવનાને વધઉ પ્રજ્વલિત કરે છે. આપત્તિના ઘોર અંધકારમાં આશાનું કિરણ બનીને પહોંચેલી આ ટીમે સાબિત કરી દીધું કે સાચી જનસેવા એ જ છે જે જરૂરિયાતમંદના ચહેરા પર સ્મિત પાછું લાવી શકે.

# વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રધાનમંત્રીના 'મન કી બાત' કાર્યક્રમ અંતર્ગત મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

આજરોજ વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રત્યેક મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થતા લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'ના સફળ આયોજન અર્થે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠક વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં તથા પ્રદેશ દક્ષિણ ઝોન 'મન કી બાત' કાર્યક્રમના ઈન્ચાર્જ શ્રી નિરવભાઈ શાહના ખાસ માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. જેમાં તમામ મંડળના પ્રમુખો, મહામંત્રીઓ તેમજ મંડળના ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા તેમજ દક્ષિણ ઝોન ઈન્ચાર્જ શ્રી નિરવભાઈ શાહ દ્વારા ઉપસ્થિત કાર્યકરો અને હોદ્દેદારોને માર્ગદર્શન આપતા જણાવવામાં આવ્યું હતું કે, જિલ્લાના પ્રત્યેક બૂથ પર 'મન કી બાત' કાર્યક્રમનું સુચારુ આયોજન થાય અને વધુમાં વધુ નાગરિકો તેમાં જોડાય. કાર્યક્રમ બાદ ડિજિટલ માધ્યમથી પારદર્શિતા અને ચોકસાઈ જળવાઈ રહે તે માટે 'સરલ એપ' (Saral App) પર ૧૦૦% ડેટા અપલોડિંગનું કામ સમયસર પૂર્ણ થાય.

આ સમગ્ર બેઠકનું સફળ સંચાલન જિલ્લા 'મન કી બાત' કાર્યક્રમના ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તબક્કે જિલ્લા ભાજપ મહામંત્રીઓ સર્વશ્રી કમલેશભાઈ પટેલ, નિખીલભાઈ ચોક્સી, વિપુલભાઈ ભોયા, 'મન કી બાત' કાર્યક્રમના જિલ્લા સહ-ઈન્ચાર્જ શ્રીમતિ પ્રિયંકાબેન પટેલ, શ્રી રમતુભાઈ ચૌધરી, શ્રી શ્રીકાંતભાઈ ટંડેલ, જિલ્લા આઈ.ટી. ઈન્ચાર્જ શ્રી અક્ષયભાઈ રાવલ, સોશિયલ મીડિયા ટીમ તેમજ તમામ મંડળોના પ્રમુખો, મહામંત્રીઓ અને ઈન્ચાર્જ-સહઈન્ચાર્જો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# ISTD સેલવાસ ચેપ્ટરે 'પર્ફોર્મન્સ મેનેજમેન્ટ સિસ્ટમ્સ' પર HR સત્રનું સફળતાપૂર્વક આયોજન સંપન્ન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૧૦**

ISTD સેલવાસ ચેપ્ટરે ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સેલવાસ સ્થિત લાયન કોલેજના કોન્ફરન્સ હોલમાં 'પર્ફોર્મન્સ મેનેજમેન્ટ સિસ્ટમ્સ' પર એક ખાસ સત્રનું આયોજન કર્યું હતું. સેલવાસ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોની વિવિધ કંપનીઓના આશરે ૫૦ HR વ્યાવસાયિકોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

શ્રી ઉપેન ચતુર્વેદીએ, VP - HR/Operations, Ami Polymersએ સત્રને સંબોધિત કર્યું હતું. તેમણે પ્રદર્શન વ્યવસ્થાપન, કર્મચારી મૂલ્યાંકન, ધ્યેય નિર્ધારણ અને સંગઠનાત્મક કામગીરીમાં સુધારો કરવા વિશે મૂલ્યવાન આંતરદૃષ્ટિ અને વ્યવહારુ જ્ઞાન શેર કર્યું હતું.

**ISTD સેલવાસ ચેપ્ટરે DNH&DDને ગૌરવ અપાવવા બદલ 'શ્રેષ્ઠ રાષ્ટ્રીય યુવા વક્તા પુરસ્કાર' પ્રાપ્ત કરનાર ચિરાગ સૈનનું કરાયું સન્માન**

આ કાર્યક્રમમાં શ્રી અજિત કુમાર ઓઝા, શ્રી પી.કે. શ્રી જડિયા, દુર્ગેશ ઓઝા, રાકેશ ઝા, વિવેકાનંદ, ડૉ. રાકેશ કુમાર પાંડે, પરેશ ગજ્જર (FIA) અને શ્રીમતી નિરાલી, લાયન કોલેજના પ્રિન્સિપાલ સહિત અન્ય મહાનુભાવો અને HR વ્યાવસાયિકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે, ISTD સેલવાસ ચેપ્ટરે દાદરા નગર હવેલી અને દમણ અને દીવને ગૌરવ અને માન્યતા અપાવવા બદલ શ્રી ચિરાગ સૈનનું સન્માન કર્યું હતું. શ્રી સૈનને 'શ્રેષ્ઠ રાષ્ટ્રીય યુવા વક્તા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો અને ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં સ્વતંત્રતા દિવસ નિમિત્તે આયોજિત 'એટ હોમ' રિસેપ્શનમાં હાજરી આપવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

ચેપ્ટરે તેમની સિદ્ધિ અને DNH&DD કેન્દ્રશાસિત પ્રદેશને રાષ્ટ્રીય માન્યતા અપાવવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. ISTD સેલવાસ ચેપ્ટરે જણાવ્યું હતું કે તે HR વ્યાવસાયિકો, ઉદ્યોગ પ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકો માટે વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો, વર્કશોપ, તાલીમ સત્રો અને જ્ઞાન વહેંચણી પહેલનું આયોજન કરવાનું ચાલુ રાખશે, જે ક્ષેત્રના વિકાસ અને વિકાસમાં ફાળો આપશે.

આ કાર્યક્રમનું આયોજન ISTD દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું સંચાલન શ્રી અજિત કુમાર ઓઝા અને શ્રી દુર્ગેશ ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. રાજેશ પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું.

# દમણ મુસ્લિમ એસોસિએશને પૂરગ્રસ્ત લોકોને પહોંચાડી મદદ

**ધોધમાર વરસાદના કારણે આવેલા અચાનક આવેલા પૂરમાં લોકોની ઘરવખરી સહિતનો સામાન પાણીમાં પલળી જતાં થયેલું ભારે આર્થિક નુકસાન**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૧૦**

ગત જુલાઈ મહિનાની ૨૨ અને ૨૩ તારીખે દમણમાં અચાનક આવેલા પૂરના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા હતા. આ ઘટના સવારે ૦૫:૦૦ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે લોકો પોતાના ઘરોમાં સૂઈ રહ્યા હતા. અચાનક પાણી તેમના ઘરોમાં ઘૂસી જવાથી લોકો પોતાનો સામાન એકઠો કરી શક્યા નહીં અને તેઓ પોતાનો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળોએ જતા રહ્યા હતા.

સદ્ભાગ્યે, પાણીનું સ્તર ત્રણથી ચાર ફૂટ નીચું રહ્યું, જેના કારણે કોઈ મોટી જાનહાનિ ટળી ગઈ. જોકે, ઘણા વિસ્તારોમાં, પૂરના પાણીથી ઘરોમાં સંગ્રહિત રાશન અને ઘરવખરીનો સામાન ડૂબી જતાં ભારે આર્થિક નુકસાન થયું હતું.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, દમણ મુસ્લિમ એસોસિએશને જરૂરિયાતમંદ પરિવારોને રાશન સહિતની સાધનસામગ્રીનું વિતરણ કરવાનું નક્કી કર્યું હતું. એસોસિએશનના પ્રમુખ શ્રી ઝાકીર હુસૈન પીરવાલાની અપીલને પગલે, સમુદાયના સભ્યોએ આ ઉમદા કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. લંડનમાં રહેતા દમણના મુસ્લિમ ભાઈઓએ ઉદારતાથી યોગદાન આપ્યું અને દમણના સ્થાનિક મુસ્લિમ સમુદાયે પણ ઉદારતાથી સહયોગ આપ્યો. આજ સુધીમાં, દમણ મુસ્લિમ એસોસિએશને જરૂરિયાતમંદ પરિવારોને આશરે ૪૫૦ રાશન કીટનું વિતરણ કર્યું છે, અને આ સેવા હજુ પણ ચાલુ જ છે.

દમણ મુસ્લિમ એસોસિએશન મદદ કરનારા તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

# ઉનાના ભાડાસી ગામના વતની દિવ્યાંગ ક્રિકેટર મિલન આહીરની મોટી સિદ્ધિઃ 'મોસ્ટ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૧૦**

ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે તા.૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દિવ્યાંગ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દિવ્યાંગ ક્રિકેટરોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દિવ્યાંગ ક્રિકેટર મિલન આહીરની વર્ષ દરમિયાનના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ 'મોસ્ટ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર' તરીકે પસંદગી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જે વ્હીલચેર ખેલાડીઓએ ક્રિકેટ ક્ષેત્રે ડેબ્યૂ કર્યું હતું અને શરૂઆતથી જ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનથી આગવી ઓળખ બનાવી હતી, તેવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે.

મિલન આહીરે સમગ્ર વર્ષ દરમિયાન સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ પરિવારજનો તેમજ સમગ્ર ઉના પંથકમાં ખુશીની લાગણી પ્રસરી છે.

મિલન આહીરની 'મોસ્ટ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર' તરીકે પસંદગી થવી એ તેમના પરિવાર સાથે સમગ્ર ગીર સોમનાથ જિલ્લા અને ઉના તાલુકા માટે પણ ગૌરવની બાબત બની છે. તેમની આ સિદ્ધિથી દિવ્યાંગ ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે નવી પ્રેરણા મળશે.



<u>વિશ્વ આદિવાસી દિવસે સેલવાસ વસુંધરા વિદ્યાપીઠમાં</u>

# વાપીના સમાજસેવી સંજય શિંદે દ્વારા બાળકોને નોટબુક અને દવાઓનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૦:** વિશ્વ આદિવાસી દિવસના પાવન અવસરે પરજાઈ, સેલવાસ સ્થિત વસુંધરા વિદ્યાપીઠ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એક નાની સેવા પહેલ કરવામાં આવી. સંજય શિંદે અને તેમની ટીમ દ્વારા જરૂરતમંદ બાળકો સાથે સમય વિતાવી તેમને જરૂરી શૈક્ષણિક સામગ્રી અર્પણ કરવામાં આવી.

ગત તા.૨૩ જુલાઈના રોજ આવેલી ભારે પૂરના કારણે અનેક બાળકોના ઘરો અને સ્કૂલમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે બાળકોની ચોપડીઓ, સ્કૂલની સામગ્રી અને અન્ય જરૂરી વસ્તુઓ પાણીમાં તણાઈ જતાં મોટું નુકસાન થયું હતું. આ મુશ્કેલ સમયમાં બાળકોના ચહેરા પર ફરી સ્મિત લાવવા અને તેમનો અભ્યાસ ચાલુ રહે તે હેતુથી આ મદદ કરવામાં આવી. સંજય શિંદેની ટીમ તરફથી બાળકોને નોટબુક, જીઓમેટ્રી બોક્સ અને જરૂરી દવાઓ ભેટ આપવામાં આવી.

આ પ્રસંગે અશ્વિની તાઈ રાણે અને માયા તાઈ શિંદે પણ ઉપસ્થિત રહ્યા હતા.સંજય શિંદેએ જણાવ્યું હતું કે અમારો હેતુ માત્ર મદદ કરવાનો નથી, પરંતુ બાળકોને એ વિશ્વાસ આપવાનો છે કે મુશ્કેલ સમયમાં સમાજ તેમની સાથે છે. કોઈપણ બાળકનું ભણતર અટકવું ન જોઈએ અને કોઈપણ આપત્તિ બાળકોના સપનાઓ પર અસર ન કરે. કાર્યક્રમના અંતે ટીમના તમામ સાથીઓનો આભાર માનવામાં આવ્યો. આયોજકોએ કહ્યું કે સેવા જ સાચી માનવતા છે અને બાળકોની સ્મિત જ અમારી સૌથી મોટી કમાણી છે.

# શ્રાવણ માસમાં ઘેજ શિવ મંદિરે શ્રીમદ્ ભાગવતકથા યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૦**

પવિત્ર શ્રાવણ માસ નિમિતે તા.૧૭/૮/૨૦૨૬થી તા.૨૩/૮/૨૬ સુધી ઘેજ (ચાર રસ્તા)શિવ મંદિર પાતાળેશ્વર મહાદેવ મંદિરે પ્રસિદ્ધ કથાકાર શ્રી ભાસ્કરભાઈ દવની રાત્રિ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની મંગલમય પોથીયાત્રા તા.૧૭/૮/૨૬ સોમવારના રોજ રાત્રે ૮:૦૦ કલાકે અ.સૌ. સરસ્વતીબેન ઘનશ્યામભાઈ સોલંકી, શ્રી ઘનશ્યામભાઈ રમણભાઈ સોલંકીના નિવાસ્થાનેથી કળશધારી બહેનો, વાજા વાજેન્ત્ર સાથે પ્રસ્થાન થશે.

કથાનો સમય દરરોજ રાત્રે ૮થી ૧૦નો રાખવામાં આવ્યો છે. કથામાં આવતા મંગલાચરણ, કૃષ્ણજન્મ, રામજન્મ, વામન ચરિત્ર, સુદામા ચરિત્ર સહિતના પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે. આમ શ્રાવણ માસ નિમિતે 'હરીહર'નું મિલન થશે. આપણા શાસ્ત્રોમાં શ્રાવણ માસનું અનેરૂ મહાત્મય બતાવવામાં આવ્યું છે. 'શ્રાવણ માસ' માં શિવજીનું સ્મરણ થવું જોઈએ અને ભગવાન ભોળાનાથને અતિ પ્રિય એવી હરીની કથા થવી જોઈએ. તો આ સત્કર્મની અંદર પધારવા તમામને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સાથે શ્રાવણ માસમાં પોથી પૂજન અને બ્રહ્મ ભોજનનું પણ અનેરૂ મહત્વ બતાવવામાં આવ્યું છે.

**CHANGE OF NAME**

**OLD NAME:** TEJARAM
**NEW NAME: TEJARAM CHOUDHARY**
**ADDRESS:** Flat No. L/501, Pramukh Gardens. Opp. Yogi Hospital, Silvassa, Amli. VTC: Dadra & Nagar Haveli, PO: Amli, District: Dadra and Nagar Haveli. State: Dadra and Nagar Haveli and Daman and Diu. Pin Code:396230.

**યુ.ટી. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો વહીવટ,**
**નાયબ વન સંરક્ષકની કચેરી, દમણ**
''દમણના વન વિસ્તારમાં ૧.૫૦ કિમી ચેઈન-લિંક ફેન્સિંગનું નિર્માણ.''
E-Tender ID No. 2026_DIUDT_4917_1
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખઃ 25/08/2026 up to 14:00 hrs.
બિડ ખોલવાની તારીખઃ 25/08/2026 at 16:00 hrs.
વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો અથવા મુલાકાત લો ddtenders.gov.in dcf-dmn-dd@ddd.gov.in 0260-2230978
**નાયબ વન સંરક્ષકની કચેરી, દમણ - ૩૯૬૨૨૦**
No. IP/DMN/2/5/2026-27/408, Dated: 10/08/2026

**યુ.ટી. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો વહીવટ,**
**નાયબ વન સંરક્ષકની કચેરી, દમણ**
''નાની દમણ (દમણ) સ્થિત ઈકો પાર્ક, દેવકા બીચ ખાતે એમ.એસ. સ્ટીલ બ્રિજ પૂરો પાડી તેની સ્થાપના કરવી.''
E-Tender ID No. 2026_DIUDT_4916_1
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખઃ 25/08/2026 up to 14:00 hrs.
બિડ ખોલવાની તારીખઃ 25/08/2026 at 16:00 hrs.
વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો અથવા મુલાકાત લો ddtenders.gov.in dcf-dmn-dd@ddd.gov.in 0260-2230978
**નાયબ વન સંરક્ષકની કચેરી, દમણ - ૩૯૬૨૨૦**
No. IP/DMN/2/5/2026-27/410, Dated: 10/08/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# પારડીમાં જર્જરિત અખ્તર કોમ્પલેક્ષ બિલ્ડીંગમાં વિના પરવાનગીએ ફ્લેટ તોડી શોરૂમનું બાંધકામ: સલામતી વગર તોડફોડ કરતાં નિર્દોષ લોકોને ઈજા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૦**

પારડીમાં શાકભાજી માર્કેટ જતા રોડ પર આવેલ અખ્તર કોમ્પ્લેક્સ નામનું ખૂબ જ જૂનું જર્જરીત બિલ્ડીંગ આવેલ છે. આ બિલ્ડીંગના પહેલા માળે બે જેટલા ફ્લેટો તોડી કોઈપણ જાતની પરવાનગી વિના શોરૂમનું બાંધકામ શરૂ કરવામાં આવી રહ્યું છે. હકીકતમાં તો આ બિલ્ડીંગ ખૂબ જ જૂનું અને જર્જરીત થઈ ગઈ હોય એને રીપેરીંગ કે પછી રીનોવેશન કરવું ખૂબ જ જરૂરી છે. જેથી અકસ્માત નિવારી શકાય? તે છોડી પોતાની મનમાની કરી પહેલા માળે બે જેટલા ફ્લેટો તોડી શો રૂમનું




બાંધકામ વેપારી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

લોકોના જણાવ્યા પ્રમાણે અહીં જો શો રૂમ આવે તો ગ્રાહકો માટેની કોઈ પાર્કિંગની વ્યવસ્થા પણ નથી. આ તોડફોડ દરમિયાન કોઈ સેફ્ટી સલામતીના ધ્યાનમાં ન લેતા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના બનાવો પણ બની ચૂક્યા છે. શોરૂમ બનાવનારે બે રોકટોક બિલ્ડીંગ દિવાલથી બહાર લોખંડની એંગલ લગાવી એકથી દોઢ ફૂટ દિવાલથી બહાર લોખંડની એંગલ મૂકી જીઈબીના લોખંડના થાંભલાને લગોલગ બાંધકામ કરી રહ્યો છે. જે ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાશે. એમાં કોઈ બે મત નથી. આ બાંધકામને લઈ ખૂબ જ જર્જરીત બિલ્ડીંગ હોવાથી નીચે આવેલ દુકાનનોને પણ અસર થયેલ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પાલિકામાં ફક્ત નોટિસ આપવાથી પરવાનગી મળી જતી નથી. પાલિકા દ્વારા સ્થળ પર સર્વે કરી નિરીક્ષણ કરી અને યોગ્ય હોય તો જ આ રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામની પરવાનગી આપવામાં આવે છે. પરંતુ આવી કોઈ પાલિકાની પરવાનગી ન હોવા છતાં પણ બે રોકટોક અહીં બાંધકામ થઈ રહ્યું છે.

# વાપી ચલામાં અગ્નિ બેકરીની બ્રેડના પેકેટમાંથી માખી નિકળતા ગ્રાહક અને સંચાલક વચ્ચે ચકમક





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપી ચલા વિસ્તારમાં આવેલી પ્રખ્યાત બેકરી સ્ટોર્સમાંથી ગ્રાહકે ખરીદેલ બેકરીના પેકેટમાં બ્રેડ ઉપર ચોંટેલી માખી દેખાતા ગ્રાહકે સંચાલકને ફરિયાદ કરી હતી પરંતુ સંચાલકે બરાબર જવાબ નહી આપતા ગ્રાહકે ફૂડ વિભાગને ફરિયાદ કરતા મામલો બિચકાયો હતો.

છેલ્લા કેટલાક દિવસથી વલસાડ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કે હલકી ક્વોલિટીની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી રહી છે. વલસાડમાં બે દિવસ પહેલા ઓનલાઈન મંગાવેલ ફૂડ ખરાબ નિકળ્યું હતું તેવો વધુ એક મામલો વાપી ચલામાં બન્યો છે. ચલામાં આવેલ જાણીતી અગ્નિ બેકરીમાં આજે ગ્રાહકે બ્રેડ ખરીદી

**અગ્નિ બેકરીમાં ફરિયાદ બાદ ફૂડ વિભાગે ત્વરીત ચેકિંગ કરીને બ્રેડના સેમ્પલ સીઝ કર્યા**

હતી. બ્રેડ પેકેટ તોડી તપાસ કરતા બ્રેડ ઉપર ચોંટેલી માખી મળી આવી હતી. ગ્રાહક પરત દુકાને આવી માખી ચોંટેલી હોવાની ફરિયાદ સંચાલકને કરી હતી પરંતુ સંચાલકે ઉધ્ધત જવાબ આપ્યો હતો તેથી ગ્રાહકે જિલ્લા ફૂડ વિભાગને ટેલિફોનિક ફરિયાદ કરી હતી. ફરિયાદ મળતાં જ ફૂડ વિભાગની ટીમ ચલા અગ્નિ બેકરીમાં આવી પહોંચી હતી. કાઉન્ટર ઉપર અને છોડામાં રખાયેલ કેટલાક બેકરીના પેકેટો સીલ કર્યા હતા અને ચકાસણી માટે સાથે લઈ જવાયા હતા. અઘાઉ જિલ્લાભરમાં બનાવટી પનીર અંગે સામુહિક કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ વિભાગ કોઈ ઠોસ એકશન લે છે કે ભીનુ સંકેલી લેશે. કારણ કે ભ્રષ્ટાચાર ચીકાર છે.

# વલસાડ કોસ્ટલ હાઈવે પર કરુણ અકસ્માત સર્જાયો: બાઈકને કારે ટક્કર મારતા એકનું મોત



**અજય ગણપતભાઈ પટેલ પરિવાર સાથે ધરાસણાથી માલવણ જતા હતા: અકસ્માતમાં પત્ની અને બાળક ઘાયલ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વલસાડ કોસ્ટલ હાઈવે માલવણ ગામે ખારવા ચાર રસ્તા ઉપર આજે સોમવારે બપોરે કરુણ અકસ્માત સર્જાયો હતો. સોલધરાનો પરિવાર બાઈક ઉપર સવાર થઈને જતો હતો ત્યારે પુરઝડપે આવી રહેલી અલ્ટો કારને ધડાકાભેર ટક્કર મારી દેતા કરુણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં પતિનું ઘટના સ્થળ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે પત્ની અને બાળક ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે ખસેડાયા હતા.

કરુણ અકસ્માતની વિગતો મુજબ સોલધરા નાયકીવાડમાં રહેતા અજય ગણપતભાઈ પટેલ પત્ની અને બાળક સાથે બાઈક નં.જીજે ૨૧ બીઆર ૨૬૧૦ ઉપર સવાર થઈને જઈ રહ્યા હતા ત્યારે કોસ્ટલ હાઈવે માલવણ ગામે ખારવા ચાર રસ્તા ઉપર પુરઝડપે આવી રહેલી અલ્ટો કારે બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક ચાલક અઝય પટેલ ફંગોળાઈને ખાડામાં પટકાયો હતો. ટક્કર એટલી ગંભીર હતી કે ઘટના સ્થળે તેનું કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે પત્ની અને બાળક પણ પટકાયા હતા. જે ગંભીર રીતે ઘાયલ થયા હતા. કાર ચાલક પણ ઘાયલ થયો હતો. અકસ્માત બાદ એકઠા થયેલા લોકોએ તમામ ઘાયલોને સારવાર માટે ૧૦૮ દ્વારા વલસાડ સિવિલમાં ખસેડાયા હતા.

# વાપી ચણોદ કોલોનીમાં રહેતો ૧૫ વર્ષિય અંશ યાદવ ગુમ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપી ચણોદ કોલોનીમાં રહેતો ૧૫ વર્ષિય કિશોર તા.૮ ઓગસ્ટ રાત્રે ૧૦ વાગ્યા પછી ઘરેથી ગુમ થયો છે. ચિંતાગ્રસ્ત પરિવારે તમામ શોધખોળના અંતે પૂત્ર મળી નહી આવતા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુમ થવા જોગ ફરિયાદ નોંધાવી છે.



ચણોદ કોલોની સાંઈશ્લોકા બિલ્ડિંગમાં રહેતો ધો.૧૦માં અભ્યાસ કરતો અંશ યાદવ ઉ.વ.૧૫ ગત શનિવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારેથી ઘરેથી ગુમ થયો હતો. પરિવારે સગાસંબંધી સહિત ચારે બાજુ તપાસ કરી પણ અંશનો કોઈ પત્તો નહોતો લાગ્યો તેથી રવિવારે જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં અંશ ગુમ થયાની જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હાથ ધરેલી તપાસમાં અંશ રેલવે સ્ટેશને સી.સી.ટી.વી. ફૂટેજમાં નજરે પડ્યો હતો. પરિવાર ચિંતાગ્રસ્ત છે. અંશ સાથે કોઈ અજુગતી ઘટના ના ઘટે તે માટે અંશ બાબતે કોઈ જાણકારી કે માહિતી મળે તો જીઆઈડીસી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

# સંજાણ ખાતે ઉમરગામ તાલુકા ભાજપા દ્વારા આયોજિત તિરંગા યાત્રાએ બનાવેલો દેશભક્તિનો માહોલ

**ધારાસભ્ય રમણભાઈ પાટકર સંગઠન પ્રમુખ ડોક્ટર નિરવ શાહ સહિત ભાજપના ઉચ્ચ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો રાષ્ટ્રભાવના સાથે જોડાયા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૦**

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ઉમરગામ તાલુકાના સંજાણ ગામ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિના નારા સાથે યોજાયેલી ૩ કિલોમીટર લાંબી તિરંગા યાત્રાથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. આ યાત્રાનો પ્રારંભ માજી પ્રમુખ શ્રી મોહનભાઈ સલાટની કચેરીએથી કરવામાં આવ્યો હતો.



આ ભવ્ય તિરંગા યાત્રામાં સ્થાનિક ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, તાલુકા સંગઠન પ્રમુખ ડૉક્ટર નીરવ શાહ, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અને ઉમરગામ તાલુકા પ્રભારી શ્રી મુકેશભાઈ તિવારી, શ્રી દીપકભાઈ મિસ્ત્રી, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ ભંડારી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી નરેશભાઈ વળવી, શ્રીમતી મયુરીબેન બારીયા તેમજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંતોષભાઈ વળવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત સંગઠનના વિવિધ હોદ્દેદારો, મોરચાના પદાધિકારીઓ, શક્તિ કેન્દ્રના સંયોજકો, બૂથ પ્રમુખો, વિવિધ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકર્તાઓ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને આ યાત્રામાં ઉત્સાહભેર જોડાયા હતા.

## વલસાડ પાલિકાની સામાન્ય સભા ઉગ્ર બની

# પૂરગ્રસ્ત વિસ્તારોમાં રેસ્ક્યૂ કામગીરી ન થતાં સભ્યોએ હોબાળો મચાવ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૧૦**

વલસાડ નગર પાલિકાની મળેલી સામાન્ય સભા શરૂઆતથી જ ભારે હંગામા અને વિવાદોના કારણે ચર્ચામાં રહી હતી. ગત ૨૩ તારીખના રોજ વલસાડ શહેરમાં આવેલા પૂરની સ્થિતિ અને ત્યારબાદ તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીને લઈને સભ્યોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સભાની શરૂઆત થતાં જ પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાલિકા દ્વારા રેસ્ક્યુ તેમજ રાહત કામગીરી સમયસર ન કરવાના મુદ્દે માહોલ ગરમાયો હતો.

શહેરના વોર્ડ નંબર ૧, ૨ અને ૪ ના નગરસેવકોએ પૂરના સમયે પાલિકાની નિષ્ક્રિયતા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સભ્યોનું આક્ષેપ હતો કે પૂરના કપરા સમયમાં નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હતા છતાં નગર પાલિકા દ્વારા કોઈ જ યોગ્ય રેસ્ક્યુ ઓપરેશન કે મદદ પહોંચાડવામાં આવી ન હતી. આ ગંભીર બેદરકારીના કારણે સ્થાનિક જનતામાં પણ ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે, જેનો પડઘો સામાન્ય સભાની બેઠકમાં સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.

સભ્યો દ્વારા પાલિકા પ્રમુખ અને જવાબદાર અધિકારીઓ સામે આકરા સવાલો પૂછવામાં આવ્યા હતા અને તીખી બોલાચાલી પણ થઈ હતી. આટલા ગંભીર અને સંવેદનશીલ મુદ્દે સભ્યો દ્વારા ખુલાસા માંગવામાં આવ્યા હોવા છતાં, પાલિકા પ્રમુખ દ્વારા આ સમગ્ર મામલે કોઈ જ પ્રતિક્રિયા આપવામાં ન આવી અને તેઓ સંપૂર્ણપણે મૌન રહ્યા હતા. પ્રમુખનું આ મૌન સભ્યોના રોષને વધુ ભડકાવનારું સાબિત થયું હતું, જેના કારણે આગામી દિવસોમાં સ્થાનિક રાજકારણમાં આ વિવાદ વધુ વકરે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ચીખલીના રેઢવાણીયા ગામે ક્વોરીની ખાણમાંથી મહિલાની લાશ મળી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૦**

ચીખલી તાલુકાના રેઢવાણીયા ગામના ખત્રી ફળીયા ખાતે રહેતી પુષ્પાબેન રમણભાઈ ધોડિયા પટેલ (ઉ.વ.૩૫) માનસિક રીતે અસ્થિર હોય જે રખડતા ભટકતા હોય શુક્રવારની રાત્રિના સમયે ઘરેથી નીકળી જતા શોધખોળ કરતા કોઈ ભાળ મળી ન હતી.



દરમિયાન રવિવારના સાંજના સમયે ખત્રી ફળીયામાં આવેલ હિંમતભાઈ પટેલની પથ્થરની ખાણના પાણીમાં લાશ દેખાતા જે અંગે તપાસ કરતા મરનારની ઓળખ પુષ્પાબેન ધોડિયા પટેલ તરીકે થતા જે રાત્રિના સમયે પથ્થરની ખાણના પાણીમાં પડી ડૂબી જતાં મોત નીપજ્યું હોવાની આંશકા સેવાઈ રહી છે.

ઉપરોક્ત બનાવ અંગેની જાણ ધર્મેશભાઈ રમણભાઈ ધોડિયા પટેલ (ઉ.વ.૪૧) (રહે.રેઢવાણીયા ખત્રી ફળીયા તા.ચીખલી જી.નવસારી)એ કરતા વધુ તપાસ પીએસઆઈ શ્રી આર.એન.વાડલે કરી રહ્યા છે.

# સેલવાસમાં લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ અને વનવાસી કલ્યાણ આશ્રમના સહયોગથી રાનભાજી મહોત્સવ યોજાયો









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

દાનહ વનવાસી કલ્યાણ આશ્રમ અને લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લીશ સ્કૂલના સહયોગ દ્વારા રાનભાજી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા પ્રદેશની મહિલાઓ દ્વારા પોતાની કળા અને સંસ્કૃતિનું પ્રદર્શન કર્યુ હતું. ગુણસા ગામની મહિલાઓ દ્વારા જંગલમાં થતી વિવિધ ભાજીઓની વાનગીઓ બનાવવામાં આવી હતી. જેનો સ્વાદનો લાભ ઉપસ્થિત મહેમાનોએ પણ લીધો હતો. ૫૬ પ્રકારની વિવિધ શાકભાજી સ્વાદિષ્ટ રૂપે દેશી પદ્ધતિથી પકાવવામા આવી હતી. જેનો દરેકે સ્વાદ લઈ અને કાચી

**ગુણસા ગામની મહિલાઓ દ્વારા જંગલમાં થતી વિવિધ ભાજીઓની વાનગીઓ બનાવવામાં આવી**

શાકભાજી વેચવા રાખી હતી એ પણ ખરીદી હતી.

આયોજકોના જણાવ્યા અનુસાર આજના આધુનિક યુગમાં લોકો ફાસ્ટફુડ તરફ વળી રહ્યા છે. ત્યારે જંગલો અને પ્રકૃતિમાં કુદરતી રીતે ઉગતી સો ટકા કુદરતી ભાજીઓ અને પારંપરિક જનજાતીય વ્યંજનો સ્વાસ્થ્ય માટે વરદાન સમાન છે. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને આ વન્ય અને પ્રાકૃતિક ખાદ્ય પદાર્થોમાં રહેલા ભરપૂર ન્યુટ્રીશન પોશાક તત્વો અને તેના ઔષધીય ગુણો વિશે માર્ગદર્શન આપવાનો છે. જેથી લોકો પોતાની પરંપરાગત ખાદ્ય વિરાસત તરફ પાછા ફરે. રોટલી શાક આપણો મુખ્ય અન્ન પરંતુ શાકભાજીના કેટલાક પ્રકારો જે આપણે જાણતા પણ નથી. જે જંગલમાં વરસાદના સમયે જ થાય છે અને ઘણી લાભદાયક અને આરોગ્યપ્રદ પણ છે.

# વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલ સર્વોત્તમ ચેમ્પિયનશીપ ટ્રોફી વિજેતા બની






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલે સર્વોચ્ચમ ચેમ્પિયનશીપ ટ્રોફી સાથે સફળતા મેળવી હતી. ૯ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વાપી મલિયાલી વેલફેર એસોસિએશન દ્વારા ફેલોશીપ મિશન સ્કૂલ વાપી ખાતે આયોજિત ઈન્ટર સ્કૂલ વક્તૃત્ત્વ સ્પર્ધા અને ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું.

શાળાના ગૌરવશાળી વિજેતાઓમાં ગ્રુપ ૧ વકૃત્વ સ્પર્ધામાં ધો.૬ની કુમારી પરીધી પાટીલ તૃતીય ક્રમ. ગ્રુપ ૨ વકૃત્વ સ્પર્ધામાં ધો.૯ ની કુમારી સુનીતા શેખાવત દ્વિતીય ક્રમ. ગ્રુપ ૧ ચિત્રકલા સ્પર્ધામાં માસ્ટર રિષભ પાઠક ધોરણ ૭ પ્રથમ ક્રમ અને કુમારી ડિમ્પલ ચૌધરી ધોરણ ૬ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગ્રુપ ૩ માસ્ટર હિતેશ બેરા ધોરણ ૧૧ પ્રથમ ક્રમ અને કુમારી દેબશ્રુતિ મોન્ડલ ધોરણ ૧૧ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. સફળતાના લીધે ગર્વ અનુભવતા, સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

## વાપી ટાઉન પોલીસે

# બલીઠા ચેકપોસ્ટથી રૂ.૬.૦૫ લાખનો દારૂનો જથ્થો ભરેલ ટેમ્પો ઝડપ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૦:** વાપી બલીઠા ચેકપોસ્ટ ઉપર ટાઉન પોલીસે રાત્રે વાહન ચેકિંગ કામગીરી દરમિયાન દમણ તરફથી આવી રહેલ મહારાષ્ટ્ર પાસિંગનો રૂા.૬.૦૫ લાખનો દારૂનો જથ્થો ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો હતો. ટેમ્પો ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



ટાઉન પોલીસને મળેલી બાતમી આધારે પી.આઈ. કે.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ બલીઠા ચેકપોસ્ટ પાસે રાત્રે પોલીસે વોચ ગોઠવી હતી તે દરમિયાન ચેકિંગ કાર્યવાહીમાં દમણ તરફથી આવી રહેલ ટેમ્પો એમએચ ૪૩ સીક્યુ ૩૦૧૫ ને અટકાવી પોલીસે ચેકિંગ કર્યુ હતું. જેમાં ટેમ્પાની અંદર પુઠાના બોક્ષમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૬,૦૫,૨૮૦ રૂા.નો જથ્થો જપ્ત કરીને ચાલક સુરજ પરશુરામ પાંડે રહેભિવંડી મુંબઈની ધરપકડ કરી હતી. જ્યારે માલ ભરાવનાર અભિષેક અને દારૂ મંગાવનાર આશિષ દુબે રહે.સુરતને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે વધુ આગળની તપાસ હાથ ધરી છે.